કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ● કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

Reg. NO. G-KCH-018/2024/26
RNI No. 27550/74
PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર
www.vavaddaily.com
E-mail : vavaddaily@gmail.com

પત્ર વ્યવહારનું સરનામું

વાવડ કાર્યાલય

'અક્ષરધામ' ૧૦૪/એ, લોટસ કોલોની , ભુજ.
મોબાઈલ : 98797 65225 ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૬૫

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER

## વચનામૃત



'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે. તેના પુણ્યનો પાર આવે એમ નથી.' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ. અને જેને ભગવાનને વિષે અતિશે પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તો પણ તેને તો કાંઇ કરવું રહ્યું નથી. પણ જેને પરમેશ્વરને વિષે અતિશે પ્રીતિ તો ન હોય તેને તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજ્યો જોઈએ. માટે જે ડાહ્યો હોય તેને તો આ વાર્તા સમજી વિચારીને અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એજ મત અતિ સારમાં સાર છે. (ગ.મ.પ્ર.॥૯॥ ૧૪૨)



તંત્રી સ્થાનેથી... : સાવધાન

## કેજરીવાલની મુસીબતો ઘટવાનું નામ જ નથી લઈ રહી !

@ રામ કરશનદાસ ઠક્કર

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કેમે કરીને એક જુન સુધીના જામીન પર છૂટીને આવ્યા છે અને તેમણે નિરાંતનો શ્વાસ લીધો ન લીધો કે, તેમના નિવાસ સ્થાને તેમના કથિત અંગત સચિવ વિભવ કુમારે મોટો કાંડ કરી નાખ્યો તે સાથે કેજરીવાલ પણ બેશરમીથી તેમને સાથે લઈને ફરી રહ્યા છે અને ટીકાનો ભોગ બની રહ્યા છે. વિભવ કુમારે આમ આદમી પાર્ટીના નેતા અને સાંસદ સ્વાતિ માલીવાલ સાથે મારપીટ અને બદસલુકી કરીને પોતે તો બનદામી વહોરી લીધી છે તે સાથે અરવિંદ કેજરીવાલ પણ તે અંગેના કેસમાં ફસાઇ રહેલા જોવા મળી રહ્યા છે. એમ કહેવાય છે કે, વિભવ જ્યારે સ્વાતિને મારી રહ્યો હતો, ત્યારે કેજરીવાલ અને તેમના પત્ની સુનિતા પણ ત્યાં હાજર હતા. બિનસત્તાવાર રીતે આરોપ તો એવો મૂકાય છે કે, વિભવે સ્વાતિ સાથે જે મારકૂટ કરી તે કેજરીવાલ કે તેમના પત્નીના કહેવાથી કરી હતી. જો કે સ્વાતિએ વિભવ સામે નોંધાવેલી એફઆઈઆરમાં વિભવ સિવાય કોઇનું નામ આપ્યું છે કે નહીં તે હજી આ લખાય છે ત્યાં સુધી બહાર આવ્યું નથી. દરમિયાન, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હી રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડમાં આઠમી ચાર્જશીટ દાખલ કરી છે. તેમાં ઈડીએ આ ચાર્જશીટમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના નામનો આરોપી તરીકે ઉલ્લેખ કર્યો છે. જો કે તે દરમિયાન મની લોંડ્રીંગના કેસમાં કેજરીવાલની ધરપકડને કેજરીવાલે પડકારીને તેને ગેરકાયદે ઠરાવવા કોર્ટમાં અરજી કરી છે, તેના પરની સુનાવણી શુક્રવારે પૂરી થઇ ગઇ છે અને અદાલતે તેના પર પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. અદાલત આ અંગે શું નિર્ણય પર આવે છે તેના પર કેજરીવાલના ભવિષ્યનો અણસાર મળી શકે છે. જો અદાલત તેમની અરજી માન્ય રાખે તો બીજી જુને તેઓ જેલમાં સરેંડર કરે તે સાથે જ તેમની મુક્તિ થઈ જાય. જો કે તે તેમની અરજી માન્ય રાખવામાં આવે તો જ શક્ય બની શકે. આરોપી તરીકે તેમનું નામ ચાર્જસીટમાં આવ્યા પછી જો કે આમ થવું અશક્ય નહીં તો પણ મૂશ્કેલ લાગી રહ્યું છે. જે રીતે કેજરીવાલને ચુંટણી પ્રચાર માટે જામીન મળી ગયા તે જોતાં તો એવું લાગી શકે કે કેજરીવાલના નશીબ કદાચ જોર કરતા હોઇ શકે છે. જો કે તે પછી વિભવના કાંડમાં કેજરીવાલની શું ભૂમિકા નીકળે છે તે પણ જોવાનું રહે છે.

આમ આદમી પાર્ટીના સાંસદ સ્વાતિ માલીવાલે થોડા દિવસો પહેલાં આરોપ લગાવ્યો હતો કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાને મુખ્યમંત્રીના સહયોગી બિભવ કુમાર દ્વારા તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. શુક્રવારે પોલીસે આ મામલે મેજિસ્ટ્રેટની સામે સ્વાતિ માલીવાલનું લેખિત નિવેદન નોંધ્યું હતું. સ્વાતિ માલીવાલે એફઆઈઆરમાં બિભવ કુમાર પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા છે. તેમાં વિભવે કેજરીવાલના નિવાસ સ્થાને સ્વાતિ માલીવાલને ઘણી વાર લાતો મારી હતી અને લગભગ સાત-આઠ થપ્પડ મારી હતી. આરોપ છે કે, બિભવે તેની છાતી, પેટ અને શરીરના નીચેના ભાગો પર (પ્રાઈવેટ પાર્ટ પર) લાત મારી હતી. સ્વાતિની ફરિયાદના આધારે દિલ્હી પોલીસે ગુરુવારે એફઆઈઆર નોંધી હતી, જેમાં તેમણે બિભવ કુમારને આરોપી બનાવ્યો હતો. આ ઘટના માધ્યમોમાં ખૂબ જ ચગી હોવા છતાં, દિલ્હીના મુખ્યમંત્રી આ મુદ્દે માત્ર મૌન જ નથી રહ્યા, બલ્કે તેઓ ચુંટણી પ્રચાર માટે લખનઉ ગયા, તો વિભવને પણ સાથે લઈ ગયા હતા. આ તો બેશરમીની હદ થઇ કહેવાય. આને કારણે કેજરીવાલની ભારે બદનામી થઈ રહી છે. તે દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં પૂરક એમાં ચાર્જશીટ દાખલ કરી છે. એમાં અરવિંદ કેજરીવાલનું નામ છે. બીજી તરફ, દારૂ કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને ઈડીના રિમાન્ડને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે. એએસજી એસવી રાજુએ અદાલતને કહ્યું હતું કે, તપાસ એજન્સી પાસે એ બતાવવા માટે પૂરતા પુરાવા છે કે કેજરીવાલે ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ માંગી હતી અને તેનો ઉપયોગ આપ દ્વારા ગોવા વિધાનસભા ચૂંટણી પ્રચારમાં કરવામાં આવ્યો હતો અને કેજરીવાલે દિલ્હીની સમયસીમા સમાપ્ત થઈ ગયેલી દારૂની નીતિ ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.


આ ઘટનાક્રમમાં નવાઇ પમાડતી અને ચોંકાવનારી વાત એ છે કે, સ્વાતિ સાથેની ઘટનાના બીજા દિવસે આપ સાંસદ સંજય સિંહે પ્રેસ કોંફ્રંશ કરીને સ્વીકાર્યું હતું કે, સ્વાતિ સાથે અભદ્ર વ્યવહાર થયો છે તે અતિ દુ:ખદ છે અને મુખ્યમંત્રીએ આ વિશે સંજ્ઞાન લઈને કડક કાર્યવાહીનો આદેશ કર્યો છે. પરંતુ શુક્રવારની સાંજે આપ નતા અને દિલ્હી સરકારના એક મંત્રી આતિશીએ શુક્રવારે પ્રેસ કોંફ્રંશ કરીને પાર્ટી તરફથી યુટર્ન લેતાં, સ્વાતિ સાથે મારપીટની ઘટના ઘટ્યાનો જ ઈન્કાર કર્યો હતો અને આ સમગ્ર ઘટનાને ભાજપ દ્વારા સમજી વિચારીને રચવામાં આવેલું ષડયંત્ર લેખાવ્યું હતું. જો આ ભાજપનું ષડયંત્ર હતું તો સંજય સિંહે સ્વાતિ સાથે અભદ્ર વ્યવહાર થયાનું શામાટે કબૂલ્યું હતું ? શું તેઓ પણ ભાજપના ષડયંત્રમાં શામેલ થઈ ગયા હતા ? તેમણે અરવિંદ કેજરીવાલે સંજ્ઞાન લીધાનું અને કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યાનું પણ કહ્યું હતું તેનું, શું ? જો સંજય પણ ષડયંત્રમાં શામેલ હતા તો એને કેજરીવાલે હજી રદિયો કેમ નથી આપ્યો ? આતિશી પણ મોડામોડા કેમ જાગ્યા છે ? તેમણે આ સ્પષ્ટતાઓ ઘટનાના બીજા જ દિવસે શામાટે નહોતી કરી ? દરમિયાન દિલ્હી પોલીસે વિભવને અટાંકાયતમાં લઈ લીધો છે. હવે આગળની કાર્યવાહી તરફ સૌની મીટ મંડાઇ છે.

# નૂંહ : બસમાં આગ લાગતાં ૮ જણ જીવતા ભુંજાયા

## ભક્તો મથુરા-વૃંદાવનથી પરત ફરી રહ્યા હતા, બસ આગળ વધતી વખતે આગના ગોળામાં ફેરવાઈ ગઈ

(એજન્સી) નુહ (હરિયાણા) તા. ૧૮

મોટો અકસ્માત સર્જાયો છે. અહીં શુક્રવારે રાત્રે ભક્તોથી ભરેલી બસમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. બસમાં મુસાફરી કરી રહેલા આઠ લોકો જીવતા દાઝી ગયા હતા જ્યારે બે ડઝનથી વધુ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા અને તેમને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બસમાં આગની જ્વાળાઓ જોઈ સ્થાનિક લોકોએ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે પોલીસને જાણ કરી હતી. જે બાદ ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી ભારે જહેમત ઉઠાવી આગ પર કાબુ મેળવ્યો હતો.હરિયાણાના નૂહ જિલ્લાના તાવડુ સબ-ડિવિઝનની સરહદમાંથી પસાર થતા કુંડલી માનેસર પલવલ એક્સપ્રેસવે પર શુક્રવાર-શનિવારની રાત્રે એક મોટો



અકસ્માત થયો હતો. અહીં ભક્તોથી ભરેલી બસમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. બસમાં મુસાફરી કરી રહેલા આઠ લોકો જીવતા દાઝી ગયા હતા, જ્યારે બે ડઝનથી વધુ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા. આ ઘટનાથી વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

અકસ્માતનો ભોગ બનેલા લોકો પંજાબ અને ચંદીગઢના રહેવાસી હોવાનું કહેવાય છે. જેઓ મથુરા અને વૃંદાવનની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા. પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. બસમાં મુસાફરી કરી રહેલા પીડિત ભક્તો સરોજ પુંજ અને પૂનમે જણાવ્યું કે શુક્રવારે તેઓ પ્રવાસી બસ ભાડે કરીને બનારસ અને મથુરા વૃંદાવન દર્શન માટે ગયા હતા. બસમાં ૬૦ લોકો સવાર હતા. જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા. તે બધા નજીકના સગા હતા. જેઓ

## ઉત્તર પ્રદેશની ૫ મોટી રાજકીય ઘટનાઓને લઈ રાતોરાત સમીકરણ બદલી ગયા ?

(એજન્સી) નવી દિલ્હી તા. ૧૮

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પાંચમા તબક્કામાં રાયબરેલી, અમેઠી, મોહનલાલગંજ, બારાબંકી, હમીરપુર, બાંદા, ફતેહપુર, ઝાંસી, લખનૌ, જાલૌન, ગોન્ડા, કૈસરગંજ, કૌશામ્બી અને ફૈઝાબાદની બેઠકો પર ચૂંટણી યોજાશે.

પાંચમા તબક્કાના મતદાન પહેલા ૫ મોટી ઘટનાઓએ ઉત્તર પ્રદેશની ઘણી લોકસભા સીટોના સમીકરણ ઉંધાચતા થઇ ગયા છે. જે બેઠકો પર સમીકરણ બદલાઈ ગયું છે અથવા બદલાઈ રહ્યું છે તેમાં કૌશામ્બી, રાયબરેલી અને જૌનપુર મુખ્ય છે.૨૦૧૯માં, ઈન્ડિયા એલાયન્સના પક્ષોએ આ ૧૪ બેઠકોમાંથી માત્ર એક જ બેઠક જીતી હતી. જોકે, નવા સમીકરણો રચાઈ રહ્યા છે તેમાં ઈન્ડી ગઠબંધનને ઓછામાં ઓછી ૩ બેઠકો પર ફાયદો થતો જણાય છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પાંચમા તબક્કામાં રાયબરેલી, અમેઠી, મોહનલાલગંજ, બારાબંકી, હમીરપુર, બાંદા, ફતેહપુર, ઝાંસી, લખનૌ, જાલૌન, ગોન્ડા, કૈસરગંજ, કૌશામ્બી અને ફૈઝાબાદની બેઠકો પર ચૂંટણી યોજાશે.

૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટીએ રાયબરેલી સિવાય તમામ સીટો પર જીત મેળવી હતી. જો કે આ વખતે મતદાન પહેલા બનેલી પાંચ મોટી રાજકીય ઘટનાઓએ પાર્ટીને આઘાતમાં મૂકી દીધો છે.

જો આ ૫ ઘટનાઓને કારણે વોટ ટ્રાન્સફર પર અસર પડશે તો ઘણી સીટોનું ગણિત બગડી શકે છે.


આ પચંભ ઘટનાઓમાં કુંડાના ધારાસભ્ય અને જનસત્તા દળ (ડેમોક્રેટિક)ના વડા રાજા ભૈયાએ લોકસભા ચૂંટણીમાં તટસ્થ રહેવાની કરેલી જાહેરાત, ધનંજય સિંહના પત્નીએ બસપાની ટિકિટ પર નોંધાવેલી ઉમેદવારી પાછી ખેંચવી (પૂર્વ સાંસદ ધનંજય સિંહે, ભાજપને સમર્થન આપવાની વાત કરી છે. ધનંજયની જેમ મહાન દળના કેશવદેવ મૌર્યએ પણ યુ-ટર્ન લીધો છે. અત્યાર સુધી મૌર્ય અહીં સપાને સમર્થન આપતા હતા, પરંતુ અંતે તેમણે પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું છે) અને રાહુલ ગાંધીના પીએમ દાવા પર અખિલેશનું મૌનનો સમાવેશ થાય છે.

૫માં તબક્કાના મતદાન પહેલા અખિલેશ યાદવ અને અરવિંદ કેજરીવાલે લખનૌમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ કોન્ફરન્સમાં જ્યારે અખિલેશને રાહુલના પીએમના દાવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો તો અખિલેશે પ્રશ્ન ટાળ્યો હતો.

કોંગ્રેસના કાર્યકરો સતત રાહુલ ગાંધીના ચહેરાને પીએમ તરીકે રજૂ કરવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ માટે યુપીમાં પાંચમા તબક્કાની ચૂંટણી સૌથી મહત્વની છે. પાર્ટી આ તબક્કામાં ૪ લોકસભા સીટો પર ચૂંટણી લડી રહી છે. જેમાં રાયબરેલી, અમેઠી, બારાબંકી અને ઝાંસી સીટનો સમાવેશ થાય છે.

### સીએમ હાઉસનો વધુ એક વીડિયો સામે આવ્યો

## મહિલા પોલીસ માલીવાલનો હાથ પકડીને બહાર લઈ જતી જોવા મળી



(એજન્સી) નવી દિલ્હી તા. ૧૮

આપ નેતા અને રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે દુર્વ્યવહાર અને મારપીટના મામલામાં શનિવારે એક નવો વીડિયો સામે આવ્યો છે. આ સીસીટીવી મુખ્યમંત્રી આવાસના છે. ફૂટેજમાં મહિલા પોલીસકર્મી સ્વાતિ માલીવાલને હાથ પકડીને બહાર લઈ જઈ રહી છે.

બહાર ગયા બાદ સ્વાતિ માલીવાલ દિલ્હી પોલીસને ફરિયાદ કરતી જોવા મળી હતી. આ દરમિયાન લાંબા સમય સુધી વાતચીત ચાલુ રહી. અમે આ વિડિયોની ખરાઈ કરતા નથી. આ પહેલા પણ શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનના ડ્રોઈંગ રૂમનો એક વીડિયો વાયરલ થયો હતો. આ સમગ્ર ઘટના આ વીડિયોમાં જોઈ શકાય છે.

તપાસમાં સામેલ દિલ્હી પોલીસના અધિકારીઓનું કહેવું છે કે આ વીડિયો જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે તપાસ કરવામાં આવશે. આ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમાર આરોપી છે.

## બિભવ કુમારની સીએમ આવાસમાંથી ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી તા. ૧૮

દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે દુર્વ્યવહારના કેસમાં મુખ્ય આરોપી બિભવ કુમારને કસ્ટડીમાં લીધો છે. એફઆઈઆર નોંધાયા બાદથી તે ફરાર હતો.

આપ સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલા કેસમાં આ સમયના મોટા સમાચાર સામે આવી રહ્યા છે. થોડા સમય પહેલા દિલ્હી પોલીસની ટીમ સીએમના નિવાસસ્થાને પહોંચી હતી. આ દરમિયાન દિલ્હી પોલીસે આ કેસના મુખ્ય આરોપી બિભવ કુમારની સીએમ આવાસમાંથી ધરપકડ કરી છે. તમને જણાવી દઈએ કે સ્વાતિ માલીવાલે અરવિંદ કેજરીવાલના પીએ બિભવ કુમાર પર મારપીટ અને ગેરવર્તનનો આરોપ લગાવ્યો છે. સ્વાતિ માલીવાલે આ મામલે એફઆઈઆર પણ નોંધાવી છે. જ્યારથી એફઆઈઆર નોંધાઈ છે ત્યારથી દિલ્હી પોલીસ સતત બિભવ



કુમારને શોધી રહી હતી.

વાસ્તવમાં, દિલ્હી પોલીસને બિભવ કુમારના સીએમ હાઉસમાં હોવાની માહિતી પહેલાથી જ મળી હતી. માહિતી બાદ એસએચઓ સિવિલ લાઈન્સ અને એડિશનલ ડીસીપી નોર્થ પોલીસ ટીમ સાથે સીએમ આવાસ પહોંચ્યા. માહિતી મળ્યા બાદ એક વાહન સીએમ હાઉસ પહોંચ્યું. જ્યારે દિલ્હી પોલીસની ટીમ સીએમ હાઉસ પહોંચી તો ત્યાંના દરવાજા પહેલાથી જ ખુલ્લા હતા. આ વાહન ગેટ પર રોકાયું ન હતું અને સીધું સીએમ હાઉસ તરફ ગયું હતું. વાહન માટે સીએમ હાઉસમાં પહેલાથી જ મેસેજ હતો. આ પછી દિલ્હી પોલીસની ટીમ સીધી સીએમ હાઉસ ગઈ અને ત્યાંથી બિભવ કુમારની ધરપકડ કરી.

આપના રાજ્યસભા સાંસદ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં બિભવ કુમાર પર ઘણા ગંભીર અને સનસનાટીભર્યા આરોપો લગાવવામાં આવ્યા છે. દિલ્હી પોલીસની એફઆઈઆર મુજબ, બિભવ કુમારે કથિત રીતે સ્વાતિ માલીવાલને ઘણી વખત લાત અને થપ્પડ મારી હતી. સ્વાતિ માલીવાલે બિભવ પર જાનથી મારી નાખવાની ધમકીનો આરોપ પણ લગાવ્યો છે.

## કિર્ગિસ્તાનમાં ભડકી હિંસા : ૩ પાકિસ્તાની વિદ્યાર્થીઓની હત્યા

### ભારતીયો માટે વિદેશ મંત્રાલયની એડવાઈઝરી

(એજન્સી) નવી દિલ્હી તા. ૧૮

મધ્ય એશિયાઈ દેશ કિર્ગિસ્તાનમાં મેડિકલનો અભ્યાસ કરવા ગયેલા ભારતીય અને પાકિસ્તાની વિદ્યાર્થીઓના જીવ જોખમમાં છે. ખરેખર તો કિર્ગિસ્તાનથી સમાચાર આવ્યા છે કે ત્યાંના સ્થાનિક લોકોએ ત્રણ પાકિસ્તાની વિદ્યાર્થીઓને ઢોર માર માર્યો હતો. સ્થાનિક લોકો અન્ય પાકિસ્તાની વિદ્યાર્થીઓને પણ નિશાન બનાવી રહ્યા છે.

ભારતીયો અને પાકિસ્તાનીઓ સમાન દેખાતા હોવાથી ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ ખતરાને જોતાં આવી સ્થિતિમાં ભારતીય વિદેશ મંત્રાલયે કિર્ગિસ્તાનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી જારી કરી છે અને તેમને ઘરની અંદર રહેવાની સલાહ આપી છે.કિર્ગિસ્તાનમાં પાકિસ્તાની વિદ્યાર્થીઓ વિરુદ્ધ હિંસાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલાક ઈજિપ્ત અને અરબી વિદ્યાર્થીઓનો સ્થાનિક લોકો સાથે ઝઘડો થયો હતો અને આ દરમિયાન અરબી વિદ્યાર્થીઓ દ્વારા સ્થાનિકો પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. એવો દાવો છે કે આ ઘટના માટે પાકિસ્તાની વિદ્યાર્થીઓ જવાબદાર હતા અને તેના પગલે જ સ્થાનિકોએ પાકિસ્તાની વિદ્યાર્થીઓ પર હુમલો કરી દીધો હતો.

સ્થાનિક લોકો દ્વારા કરાયેલા હુમલામાં ત્રણ પાકિસ્તાની વિદ્યાર્થીઓને નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હતો. અન્ય ઘણા વિદ્યાર્થીઓને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોએ વિદ્યાર્થીઓની હોસ્ટેલ પર હુમલો કર્યો હતો અને ત્યાં જે દેખાયા એ વિદ્યાર્થીઓને માર માર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જે હોસ્ટેલમાં હુમલો થયો ત્યાં ઘણા ભારતીય અને બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ પણ રહે છે. આવી સ્થિતિમાં આ વિદ્યાર્થીઓ માટે પણ ખતરો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે 'અમે ભારતીય વિદ્યાર્થીઓના સંપર્કમાં છીએ. હાલમાં પરિસ્થિતિ કાબૂમાં છે, પરંતુ વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઘરની અંદર જ રહે અને કોઈપણ સમસ્યાના કિસ્સામાં એમ્બેસીનો સંપર્ક કરે. ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ કિર્ગિસ્તાનની સ્થિતિ પર સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી.

## ગુજરાત પણ તમામ મદ્રેસા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો કરાશે સર્વે

### રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નોટીફીકેશન જારી : તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને પ્રાથમિક શિક્ષણના અધિકારીઓને તાત્કાલીક કામગીરી કરીને રીપોર્ટ મોકલવાની સૂચના : મદ્રેસા-વિદ્યાર્થીઓની સંખ્યાથી માંડીને શિક્ષકોના પગાર, આવકના સ્ત્રોત સહિતની તમામ માહિતી મંગાઈ

ગાંધીનગર તા. ૧૮

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ રાજ્ય સરકાર દ્વારા હવે નવી કામગીરી શરૂ કરવામાં આવી છે અને તેના ભાગરૂપે રાજ્યના તમામ મદ્રેસા અને તેમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નોટીફીકેશન ઈસ્યુ કરવામાં આવ્યું છે અને રાજ્યના સ્કુલ કમિશ્નર તથા પ્રાથમિક શિક્ષણના ડાયરેકટરને મદ્રેસા તથા વિદ્યાર્થીઓનો સર્વે હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. રાજ્યની મદ્રેસાઓની સંખ્યા તથા તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની માહિતી શિક્ષણ વિભાગને આપવાની રહેશે.

કેન્દ્રના બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા તમામ રાજ્યો પાસેથી મદ્રેસામાં અભ્યાસ કરતા બિનહિન્દુ બાળકો અને અનરજીસ્ટર્ડ મદ્રેસાઓની માહિતી માંગવામાં આવી હતી. તેના આધારે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ નોટીફીકેશન ઈસ્યુ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સુત્રોએ જણાવ્યું હતું કે, બાળ અધિકાર સુરક્ષા પંચના સરકર્યુલરમાં ગુજરાતમાં ૧૧૩૦ મદ્રેસા હોવાનું સૂચવાયું છે. રાજ્ય સરકારને અન્ય કાર્યરત મદ્રેસાઓની માહિતી આપવા પણ કહેવામાં



આવ્યું છે. રાજ્યની ૧૧૩૦ મદ્રેસામાંથી સૌથી વધુ ૧૮૦ મદ્રેસા પાટણમાં છે. જ્યારે અમદાવાદ શહેરમાં ૧૭૫ તથા અમદાવાદ જિલ્લામાં ૩૦ મદ્રેસાઓ નોંધાયેલી છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા મદ્રેસા તથા તેમાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ઉપરાંત મદ્રેસા કઇ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, સરકારમાં રજીસ્ટર્ડ છે, બીયુ સર્ટીફીકેટ મેળવેલું છે અને ફાયર બ્રિગેડ વિભાગનું એનઓસી ધરાવે છે કે કેમ સહિતની અન્ય અન્ય વિગતો માંગવામાં આવી છે. રાજ્યના શિક્ષણ વિભાગે દરેક મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા પણ પંચને આપવાની રહે છે.

આ સિવાય મદ્રેસામાં અભ્યાસના કલાકો અને શિક્ષણનો સમય, શિક્ષકોને અપાતા પગાર અને તેના આવકના સ્ત્રોત સહિતની વિગતો પણ એકત્રીત કરવાની રહેશે. મદ્રેસા દ્વારા મેળવાતા દાનની માહિતી પણ પંચ દ્વારા માંગવામાં આવી છે. વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલવામાં આવે છે કે કેમ ઉપરાંત છથી ૧૪ વર્ષની વયના બાળકોની માહિતી પણ પંચને આપવાની રહે છે. રાષ્ટ્રીય પંચે એવી પણ માહિતી માંગી છે કે મદ્રેસાની સાથોસાથ અન્ય સ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોની પણ ચકાસણી કરવામાં આવે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ તથા પ્રાથમિક શિક્ષણ વિભાગના અધિકારીઓને તાત્કાલીક અને પ્રાથમિકતાના ધોરણે આ સર્વે કામગીરી હાથ ધરીને રીપોર્ટ સરકારને મોકલવાની સૂચના આપવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણના ડિરેકટર એમ.આઇ.જોશીએ જણાવ્યું હતું કે શિક્ષણ અધિકાર કાયદા હેઠળ ૬ થી ૧૪ વર્ષના તમામ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવાનું ફરજીયાત છે. તમામ બાળકો શિક્ષણના પ્રવાહમાં સામેલ થાય છે કે કેમ તે ચકાસવાનો આ સર્વે પાછળનો ઉદ્દેશ છે. રાજ્ય સરકાર મદ્રેસાઓની કામગીરીને નિયંત્રણમાં લેવાનો ઈરાદો રાખતી નથી. રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા જ આ તમામ વિગતો માંગવામાં આવી છે તેના આધારે તમામ મદ્રેસાઓની માહિતી એકત્રીત કરીને મોકલવામાં આવશે.

## અન્ય બેન્કોના એટીએમનો ઉપયોગ કરવા પર ચાર્જ વધી જશે

(એજન્સી) નવી દિલ્હી તા. ૧૮

શું આપ આપની બેંક સિવાય કોઈ બીજી બેંકના એટીએમનો ઉપયોગ કરો છો તો આપને બતાવી દઈએ કે તેનો ચાર્જ વધારવાની તૈયારી થઈ ચુકી છે. સુત્રો અનુસાર, એટીએમ પર આવતા ખર્ચ પર નવેસરથી વિચાર કરવામાં આવી રહ્યો છે. નવી સરકારના શપથ ગ્રહણ બાદ આ ચાર્જમાં ફેરફાર થઈ શકે છે.

જાણકારોના જણાવ્યા મુજબ બીજી બેંકનાં એટીએમમાંથી રકમ કાઢવા અને લેવડ દેવડ કરવા પર ચાર્જ (ઈન્ટચેન્જ ચાર્જ) વધારીને ૨૦ થી ૨૩ રૂપિયા સુધી કરવામાં આવી શકે છે અને વધુ રોકડ કાઢવા પર વધારાનો સુવિધા ચાર્જ પણ વસુલી શકાય છે.

જે વિસ્તારોમાં બેંકો ઓછી છે કે, એટીએમ ઓછા છે ત્યાં સુધી આ ચાર્જ ઓછો રાખવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. જેથી પ્રત્યક્ષ લાભ ટ્રાન્સફર એટલે કે ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (ડીબીટ) ના લાભાર્થી એટીએમમાંથી આરામથી રકમ કાઢી શકે.





# ભુજ શહેરના બે અલગ અલગ કેસમાં આરોપીઓ ઝડપી પાડનાર હોમગાર્ડ સભ્યોનું સન્માન કરાયું

ભુજ તા. ૧૮

શહેર ખાતે હોમગાર્ડ સભ્યો વિજય ટી ચૌહાણ દ્વારા ગત તારીખ ૧૧/૫/૨૪ ના રોજ વિશ્વાસઘાત અને છેતરપિંડી જેવા ગંભીર ગુનામાં છેલ્લા ઘણા વર્ષથી નાસ્તા ફરતા આરોપી ને જુબેલી ગ્રાઉન્ડ પાસેથી ઝડપી પાડી એ ડિવિઝન પોલીસને સુપ્રત કર્યો હતો

જયારે તાજેતરમાં ગત તારીખ ૧૬/૫/૨૪ ના રોજ એડિવિઝન પોલીસ સ્ટેશન ના એ પાર્ટ ગુના નંબર ૦૯૬૬/૨૩ એપીકો કલમ ૪૦૬ ૪૨૦ ૧૧૪ ના ગુનામાં છેલ્લા છ માસથી નાસ્તા ફરતા આરોપી ને પોલીસ સાથે રહી એ ડિવિઝન પોલીસ સ્ટેશનની પીસીઆર માં ફરજ બજાવતા અલીમામદ આઈ સુમરા પણ પોલીસની અલગ અલગ ટીમમાં રહી અને આરોપીને ઝડપી પાડ્યો હતો બંને ઘટનાની જાણ થતા પશ્ચિમ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રી મનીષભાઈ એન બારોટ દ્વારા બંને સભ્યોના સન્માન કરવામાં આવ્યા હતા તેમજ આવી સુંદર કામગીરી કરતા રહો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે ઓફિસર કમાન્ડિંગ વારીશ પટણી પટણી હાજર રહ્યા હતા તો જિલ્લા હોમગાર્ડ કચેરી ખાતે રાત્રી ફરજ બજાવતા હોમગાર્ડ સભ્યોનો રોલકોલ રાખી અને તેઓને ફરજ દરમિયાન લાઠી, બેટરી તેમજ પેટ્રોલિંગ બુક સાથે રાખવા જણાવ્યું હતું અને પોતાના પોઈન્ટ ઉપર નાઈટ પેટ્રોલિંગ કરતી વખતે સજાગતા તેમજ જાગૃતતા રાખવા વિશે પણ સમજ આપવામાં આવી હતી



# શ્રી ભુજ વિશા શ્રીમાળી સોની મહિલા મંડળ

શ્રી ભુજ વિશા શ્રીમાળી સૌની જ્ઞાતિનું ચેતનવંતું મહિલા સંગઠન એટલે "શ્રી ભુજ વિશા શ્રીમાળી સોની મહિલા મંડળ"નારી શક્તિની ચેતના,જાગૃકતા,કર્તવ્યનિષ્ઠા અને સેવા પારાયણનું મૂર્તિમંત સ્વરૂપ. મહિલા મંડળની નવનિયુક્ત ટીમ દ્વારા જ્ઞાતિજનો માટે પ્રથમ પ્રોગ્રામ આનંદ મેળો અને મ્યુઝીકલ હાઉસી ની ગેમ ચિત્રહાર હાઉસીના સ્પેશિયાલિસ્ટ લયભાઈ અંતાણી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં જ્ઞાતિના તમામ બાળકોથી લઈ સિનિયર સિટીઝન સહિતના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મંડળ દ્વારા સરપ્રાઈઝ તથા વિજેતાઓને ઈનામ આપી પુરસ્કૃત કરવામાં આવેલ. આનંદ મેળા નું ઉદ્ઘાટન મહિલા મંડળનાં નવનિયુક્ત પ્રમુખ મીતાબેન કે કોંઢીયા, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું. આનંદ મેળામાં જ્ઞાતિ બહેનો એ ૨૦ થી વધારે ચટપટી વાનગીઓ બનાવી હતી. ઠાકોરજીના શણગાર, કોસ્મેટીક- હર્બલ પ્રોડક્ટ્સ નાં ટેબલ હતા. જેને ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોનો બહોળો પ્રતિસાદ સાંપડયો હતો.ભાગ લેનાર તમામને પ્રતીક ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિ પ્રમુખ રાજેશભાઈ માંડલીયા, મંત્રી પ્રણવભાઈ, ટ્રસ્ટીશ્રીઓ, સલાહકારશ્રીઓ, યુવક મંડળના પ્રમુખ કુલદીપભાઈ,યંગસ્ટર, યુવા શક્તિ ગ્રુપ તેમજ સૌ દાતાશ્રીઓનો સહકાર સાંપડયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના શીતલબેન, હેમાંગીબેન, રૂપાલીબેન, હર્ષાબેન, અસ્મિતાબેન, દર્શનાબેન, ઉત્સવીબેન, રક્ષાબેન, તેજલબેન, દીપ્તિબેન દરેક બહેનોનો સહકાર મળેલો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી જસ્મીનબેન માંડલિયા તથા નેહાબેન ગુસાણી એ કરેલ.આભાર વિધિ ઉપપ્રમુખ ભાવનાબેન ઝવેરી દ્વારા કરવામાં આવેલ હતી. પ્રમુખઃ મીતાબેન કોંઢીયા મંત્રીઃ જસ્મીનબેન માંડલિયા

## આજના દર્શન











# માનવ જ્યોત સંસ્થાના સહયોગથી ભુજ સીટી એ-ડીવીઝન શી ટીમ દ્વારા બાગ-બગીચાઓમાં પાણીના કુંડા લગાવી જીવદયાનું કાર્ય કર્યું

હાલ કાળઝાળ ગરમીના કારણે પશુ-પક્ષીઓને ભારે હાલાકીનો સામનો પડી રહ્યો છે. પીવાના પાણી માટે પક્ષીઓને આમ તેમ વલખા મારવા પડે છે ત્યારે માનવ જ્યોત સંસ્થાના પાણીના કુંડા તેઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યા છે. જેમાં ભુજ સીટી એ'ડીવીજન પોલીસ સ્ટેશન શી'ટીમના કર્મચારીઓએ પણ સહયોગ આપીને આ જીવદયાના કાર્યને આગળ ધપાવ્યું છે. આ કાર્યમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ શીતલબેન તથા રમીલાબેન દ્વારા માનવજ્યોત સેવાભાવી સંસ્થાના સહયોગથી હાલની કાળજાળ ગરમીથી પક્ષીઓને રાહત મળે એ માટે બગીચા વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ પક્ષીઘર અને પાણીના કુંડા લાગવવામાં આવ્યા હતા. એ-ડીવીઝન શી ટીમના કર્મચારીઓ હંમેશા માનવ સેવાના કાર્યોમાં આગળ આવે છે તેમની કામગીરી પ્રંશસા થઈ રહી છે.



# મધર્સ ડેના ૧૩ નવજાત શીશુ તથા માતાઓનું અભિવાદન કરાયું

છેલ્લા ૧૪ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે મધર્સ ડેની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી જેમાં દાતાના સહયોગથી ૧૩ નવજાત શીશુ અને તેમની માતાઓનું ખાસ અભિવાદન કરાયું હતું અને દરેક નવજાત શીશુને બેબી બેડ તથા નવા વસ્ત્રોની સોગાદ આપવામાં આવી હતી અને દરેકની તંદુરસ્તી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ અવસરે સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રોજેકટ ચેરમેન હિરેન દોશી, પ્રદિપ દોશી, શાંતિલાલ મોતા, ઓજશ શેઠ, નિવૃત પીઆઈ કે.બી. પરમાર, મનીશ મહેતા, વિગેરે કાર્યકરો જોડાયા હતા અને નવજાત શીશુ તથા તેમની માતાઓને સોગાદ અર્પણ કરી હતી તેમનું અભિવાદન કર્યું હતું.



મૂળ ભુજના અને હાલે અમદાવાદ સંબલપુર ઓરિસ્સા વાળા સ્વ કેવલ્યભાઈ મંજુલાલ વોરા ની આજે પુણ્યતિથિ હોતા શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના ઉપક્રમે બાળકોને અલગ અલગ વિસ્તારોમાં અલ્પાહાર કરાવાયો હતો તેમજ છાશ નું વિતરણ કરવા માં આવ્યું હતું સાથે હરતા ફરતા પાણી નું પરબ ને વાહન દ્વારા રાહ દારી ઓને પાણી પીવડાવા યું હતું વિવિધ વિસ્તારોમાં માઈક સિસ્ટમ ના વાહન સાથે સેવા કાર્યો કરવામાં આવ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે મૂળ ભુજના સંબલપુર ઓરિસ્સા વાળા સ્વ કેવલ્ય ભાઈ વોરાની યાદ માં આજે વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા આ તકે અમદાવાદ રહેતા નીવિદિતા બેન વોરા એ ભુજની સત્યમ સંસ્થાનો સંપર્ક સાંધી અને આજે ૧૮/૫ ના કેવલ્યભાઈ મંજુલાલ વોરા ની પુણ્યતિથિએ ભુજમાં ઝુપડપટ્ટી વિસ્તારોમાં સેવા કાર્યો કરવાની ઈચ્છા વ્યક્ત કરતા આજે ભુજમાં વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા સેવા કાર્યોમાં સત્યમ સંસ્થા ના અધ્યક્ષ દર્શક અંતાણી, લાખાણી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સમાજના પૂર્વ પ્રમુખ નયનભાઈ શુક્લા તેમજ નર્મદાબેન ગામોટ વગેરે સહયોગ આપ્યો હતો સૌપ્રથમ સ્વ કેવલ્યભાઈ મંજુલાલ વોરા ને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી

# સેવેલા સપનાને સાકાર કરવા તેનું સતત રટણ કરી આત્મસાત કરો

## ભુજ અદાણી સ્કિલ ડેવ. સક્ષમના ૯મા મંગલ વર્ષ પ્રવેશ પ્રસંગે કાર્યક્રમ યોજાયો

ભુજ તા. ૧૮

કારકિર્દી બનાવવા માટે સેવેલા સપનાને સાચા પડતા જોવા તેને આત્મસાત કરો અને મનમાં એ પ્રકારનું સતત રટણ કરી તેવું જ ચિત્ર ઊભું કારસો તો સપનું સાકાર થશે એમ અદાણી સ્કિલ ડેવલપમેન્ટના તાલીમાર્થીઓને સંદેશો આપતા જિલ્લા અને મહિલા બાળ કલ્યાણ અધિકારી અવનીબેન રાવલએ જણાવ્યું હતું.

અદાણી મેડિકલ કોલેજના ડીન ડો. એ. એન. ઘોષ અને જિલ્લાના જાણીતા ઉદ્યોગપતિ દીપેશભાઈ શ્રોફની ઉપસ્થિતિમાં યુવાનોમાં રહેલા કૌશલ્યને વિકસાવવા સ્કિલ ડેવ. સેન્ટર (સક્ષમ) પ્રોજેક્ટના ૧૬મી મે ના રોજ નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આયોજિત



કાર્યક્રમમાં અવનીબેને યુવાનોને સકારાત્મક અને માનસિક રીતે મજબૂત બનવાની શીખ પણ વધુમાં આપી હતી.

મેડિકલ કોલેજના લેક્ચર હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં દિપેશ શ્રોફે કહ્યું કે, સ્કિલ ડેવ. દ્વારા ચાલતા જનરલ ડ્યુટી નર્સિંગ આસિસ્ટન્ટ કોર્સના માધ્યમથી બનતી નર્સ ખરા અર્થમાં સેવાની મૂર્તિ છે.

તબીબો ચોક્કસ યશના ભાગીદાર છે પણ નર્સ બહેનોના કામને પણ કમ આંકી શકાય એમ નથી. તેમણે યુવાનોને મહેનત કરવા ઉપર પણ ભાર મૂક્યો હતો. પ્રારંભમાં ભુજ સ્કિલ ડેવ. સક્ષમના જુનિયર ઓફિસર- ઓપરેશનના ડો. પૂર્વી ગોસ્વામીએ મહેમાનોને આવકારી સક્ષમ સેન્ટર વિશે માહિતી આપતા કહ્યું કે, આ સેન્ટર કમાણી નહીં પણ ક્વોલિટી ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને યુવાનોને પગભર બનાવવાનું મહાદાન અર્પણ કરે છે. જે તેની ૯૮% રોજગારીની સફળતાની સાક્ષી પૂરે છે.

આ પ્રસંગે તાલીમાર્થી નિશાબેન જોશીએ પોતાની સાફલ્ય ગાથા કહી પ્રોત્સાહન આપ્યું હતું. આ સાથે સિવિલ ડિફેન્સની તાલીમ પ્રાપ્ત યુવાઓને પ્રમાણપત્ર વિતરણ કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન ડેવ.ના ટ્રેનીંગ એસોસિયેટ મનીષ બાવલે કર્યું હતું.

# હિન્દી તીસરી પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ સ્થાન મિસ્ત્રી સમાજનું ગૌરવ

ભુજ તા. ૧૮



સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ રાજકોટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪ માં લેવાયેલી કચ્છ જિલ્લામાં હિન્દી તીસરી પરીક્ષામાં માધાપર ની વિદ્યાર્થીની કુ.રીમા મુકુંદભાઈ સોલંકી કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ છે.રીમા સોલંકીને કચ્છ કેન્દ્ર તેમજ મિસ્ત્રી સમાજનું ગૌરવ વધારવા બદલ સંચાલક વિભાકરભાઈ અંતાણી, જયશ્રીબેન હાથી અને ડો. સત્યપ્રસાદદાસજી સ્વામી તેમજ મિસ્ત્રી સમાજના સમાજ રત્ન શ્રી વિનોદભાઈ સોલંકી એ અભિનંદન પાઠવ્યા હતા.ટૂંક સમયમાં તેમને હિન્દીની પદવી એનાયત કરવામાં આવશે. તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે રીમા સોલંકી ભુજની એન્જિનિયરિંગ કોલેજ ખાતે ઈલેક્ટ્રિકલ વિભાગમાં અભ્યાસ કરી રહ્યા છે.

# ''મૈત્રી''ની કારોબારી સમિતિની મિટીંગ મળી : વિવિધ ઠરાવો પસાર કરાયા

ભુજ તા. ૧૮

અત્રેની ૧૫૪ વર્ષ જુની કચ્છની સૌપ્રથમ એવી ઓલ્ફ્રેડ હાઈસ્કુલના ભુતપૂર્વ વિદ્યાર્થીઓની સંસ્થા ''મૈત્રી'ની કારોબારી સમિતિની એક બેઠક તેના પ્રમુખ શ્રી પ્રિતમલાલ મહેતાના નિવાસસ્થાને તેમના અધ્યક્ષપદે મળી હતી.પ્રારંભમાં સંસ્થાના ભુતપૂર્વ કારોબારી સભ્ય શ્રી ગોવર્ધન ચૌહણ તથા વર્તમાન કારોબારી સભ્ય એડવોકેટ સુભાષભાઇ માંકડના અવસાન બદલ ઉંડા શોકની લાગણી વ્યકત કરી તેમને ઉભા થઇ ૨ મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ શ્રી માંકડનું નામ ટ્રસ્ટી મંડળમાંથી કમી કરી નાયબ ચેરીટી કમિશ્નરમાં ફેરફાર રિપોર્ટ રજુ કરવા ઠરાવાયું હતું.સંસ્થાના સને ૨૦૦૮થી અત્યાર સુધીના બાકી ટ્રસ્ટી મંડળના ફેરફાર રિપોર્ટ મંજુર થવા બદલ આનંદની લાગણી વ્યકત કરવામાં આવી હતી તેમજ આ બાબત સંસ્થાના પ્રમુખ તથા મંત્રીએ કરેલ કામગીરી તથા મહેનતને બિરદાવવામાં આવી હતી. સંસ્થાની મળેલ અગાઉની કારોબારી સમિતિની મિટીંગની મિનિટનું વાંચન મંત્રી શ્રી અબ્દુલ ગફુર શેખ એ કર્યું હતું જેને બહાલી અપાઇ હતી.સંસ્થાના સને ૨૦૨૩-૨૪ના ઓડિટેડ હિસાબો રજુ કરવામાં આવ્યા હતા અને તેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. સને ૨૦૨૪ના માર્ચમાં લેવાયેલ ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાઓના પરિણામો આવી ગયેલ હોતા ચાલુ વર્ષે ૨૦૨૪નો સરસ્વતી સન્માન સમારંભ તથા તેજસ્વી છાત્રોને ઇનામ વિતરણનો કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે માટેની કાર્યવાહી શરૂ કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો.મિટીંગમાં પ્રમુખ તથા મંત્રી ઉપરાંત ઉપપ્રમુખ શ્રી અશોક માંડલીયા, સહમંત્રી શ્રી ચંદ્રકાન્ત જેઠી તથા કારોબારી સભ્યો સર્વ શ્રી સુધાકર વોરા, જગદીશ મહેતા, કપિલ મહેતા, રમેશ પરમાર, કૌશિક સોમપુરા વિગેરેએ હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.



# મેંગો ગ્લોબલ પ્રીસ્કૂલ ભુજ, જંગલ (મારી પૃથ્વી) થીમ પર બાળકો માટે સમર કેમ્પનું આયોજન

મેંગો ગ્લોબલ પ્રીસ્કૂલ ભુજ, જંગલ (મારી પૃથ્વી) થીમ પર બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાંઅ આવ્યું હતું. વિધા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પાંચ દિવસ ના સમર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૪૦ થી ૫૦ જેટલા બાળકાએ ભાગ લીધો હતો. તેમાં દરેક દિવસે અલગ અલગ પ્રવુતિઓ કરવામાં આવી. આ કેમ્પનો હેતુ બાળકો ને પ્રકૃતિ તરફ વાળી અનેવિવિધ પ્રદેશ ના પાણીઓ અને રહેવાસ ની જાણકારી આપવાના હેતુ વિવિધ પ્રદેશ જેમકે જંગલ, બરફ, રણ અને પાણી માં રહેતા પ્રાણીઓ. આ થીમ ને લગતી વિવિધ પ્રવુતિઓ આ કેમ્પમાં થઈ. જેમ કે, પેન્ટીંગ, સ્નોમેન મેકીંગ, કેટરપીલર મેર્કી મંજીક પેન્ટીંગ, સ્પ્રે પેન્ટીંગ સ્ટેનસીલનો ઉપયો મોજેક પેન્ટીંગ વગેરે. મર્ધસ ડે ની ઉજવણી પણ માતા અને બા સાથે ડાન્સ અને કાર્ડ મેકીંગ દ્વારા કરવામાં આ બાળકોને પૃથ્વી પર રહેતા દરેક જીવ નું મહત્વ છે. એની રમત સાથે સમજણ આ કેમ્પમ અપાઈ. તેમજ આ કેમ્પને સફળ બનાવા માટે મેંગો ગોલબલ પ્રી સ્કૂલ ભુજ ના સ્ટાફ એ જહેમત ઉઠાવી.



# Awfis Space Solutions Limitedનો આઈપીઓ ૨૨મીના ખૂલશે

## પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૬૪થી રૂ. ૩૮૩ના ભાવે પ્રાઇઝ બેન્ડ ફિક્સ કરાઈ

અમદાવાદ તા. ૧૮

સીબીઆરઈ રિપોર્ટ મુજબ ભારતમાં સૌથી મોટી ફ્લેક્સિબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ કંપની Awfis Space Solutions Limited૨૨ મે, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ લઈને આવવાની યોજના ધરાવે છે. એક્કર ઇન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૧ મે, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર ૨૭ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે.ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૬૪થી રૂ. ૩૮૩ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૯ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૯ શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂ.૨૦.૦૦ મિલિયન સુધીના મૂલ્યના (-) સુધીના ઈક્વિટી શેર્સના રિઝર્વેશનનો સમાવેશ થાય છે કંપનીની ઓફર પછીની પેઇડ અપ ઈક્વિટી શેર કેપિટલના (-) ટકા જેટલા). એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શનને બાદ કર્યા બાદની ઓફરને અહીં નેટ ઓફર તરીકે ગણવામાં આવે છે. ઓફર અને નેટ ઓફર અમારા કંપનીની ઓફર પછીની પેઇડ અપ ઈક્વિટી શેર કેપિટલના અનુક્રમે (-) ટકા અને (-) ટકા જેટલી રહેશે. અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સની સાથે ચર્ચા બાદ એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શન હેઠળ બિડીંગ કરતા લાયક કર્મચારીઓને ઓફર પ્રાઇઝ પર (-) ટકા સુધીનું ડિસ્કાઉન્ટ (ઈક્વિટી શેર દીઠ રૂ. (-)ના જેટલું) ઓફર કરી શકે છે.

# ગુજરાતમાં ટીવીએસ આઇક્યુબના પોર્ટફોલિયોમાં નવા વેરિઅન્ટ્સ રજૂ કરતી ટીવીએસ મોટર કંપની

## ટીવીએસ આઈક્યુબ ઈલેક્ટ્રિક સિરીઝે ૩,૦૦,૦૦૦ યુનિટ્સના વેચાણનું સીમાચિહ્ન પાર કર્યું

અમદાવાદ તા. ૧૮

ટકાઉ મોબિલિટી સોલ્યુશન્સ ઓફર કરવા અને ગ્રાહકોને પાવર ઓફ ચોઈસ પૂરી પાડવા માટે અગ્રણી ગ્લોબલ ઓટોમેકર ટીવીએસ મોટર કંપનીએ આજે અમદાવાદમાં ૨.૨ kWh બેટરી સાથેના ટીવીએસ આઈક્યુબનું નવું વેરિઅન્ટ લોન્ચ કર્યું હતું. સાથે સાથે, કંપની સમગ્ર રાજ્યમાં ગ્રાહકોને આજથી ટીવીએસ આઈક્યુબ એસટી ડિલિવર કરવા માટે પણ તૈયાર છે. ટીવીએસ આઈક્યુબ એસટી બે વેરિઅન્ટ્સમાં મળશે, ૩.૪ kWh અને ૫.૧ kWh, જે આ સેગમેન્ટમાં સૌથી વધુ બેટરી પેક ધરાવે છે.

આ સાથે ટીવીએસ આઈક્યુબ સિરીઝ હવે વાઈબ્રન્ટ ૧૧ કલર્સમાં પાંચ વેરિઅન્ટ્સની શ્રેણી પૂરી પાડે છે જે તેને માર્કેટમાં સૌથી મોટી તથા સૌથી આકર્ષક ઈવી પોર્ટફોલિયો પૈકીનો એક બનાવે છે.ટકાઉ મોબિલિટી સોલ્યુશન્સમાં અગ્રણી તરીકે ટીવીએસ મોટર કંપની વિશ્વસનીય, નવીનતમ અને આકર્ષક પ્રોડક્ટ્સ સાથે ઈવી સેગમેન્ટમાં તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. નવા વેરિઅન્ટ્સના લોન્ચ અંગે ટીવીએસ મોટર કંપનીના ઈવી બિઝનેસના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ મનુ સક્સેનાએ જણાવ્યું હતું કે ''ટીવીએસ મોટર કંપનીમાં અમે ઉદ્યોગમાં નવીનતા અને ટકાઉપણું લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારા ૩ લાખ મજબૂત ટીવીએસ આઈક્યુબ પરિવાર વધી રહ્યો છે તે જોવું ખરેખર ખૂબ જ રોમાંચક છે.

ટીવીએસ આઈક્યુબ ઈલેક્ટ્રિક સિરીઝ હવે ૩ બેટરી વિકલ્પો પૂરા પાડે છે જે અમારા ગ્રાહકો માટે ખૂબ જ વધુ રેન્જ અને કિંમતનું મિશ્રણ રજૂ કરે છે. સંપૂર્ણ ટીવીએસ આઈક્યુબ સિરીઝ સમગ્ર ગુજરાતમાં ડિલિવરી માટે હવે ઉપલબ્ધ



છે.ટીવીએસ આઈક્યુબ ત્રણ પાયાના સિદ્ધાંતોથી પ્રેરિત છેઃ ગ્રાહકોને રેન્જ, કનેક્ટેડ ટેક્નોલોજી, ચાર્જિંગ સોલ્યુશન્સ અને કિંમતની દ્રષ્ટિએ પાવર ઓફ ચોઈસ પૂરી પાડવી, વાહનની સુરક્ષા અને એકંદરે માલિકીના અનુભવ દ્વારા સંપૂર્ણ બાંયધરી આપવી.આ લોન્ચથી સેગમેન્ટના તમામ ગ્રાહકો ટીવીએસ આઈક્યુબ ઓફર કરે છે તે પસંદગીની શક્તિ સાથે તેમની ઈવી સફર શરૂ કરી શકશે જે બ્રાન્ડના વચન 'બડે અરમાનોં કી અચ્છી શુરૂઆત'ના બ્રાન્ડના વચનને સાકાર કરે છે.

ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498


Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset,105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

# મૂળ માંડવીના પરંતુ હાલમાં ભુજ નિવાસી વતનપ્રેમી દાતા કમલાબેન શશીકાંતભાઈ મોરબીયાએ માંડવી ચેમ્બર ઓફ કોમર્સને ગાયમાતા માટે રૂપિયા ૧૬૫૦૦૦નું દાન આપ્યું

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૮

અજરામર સંપ્રદાય છ કોટી સ્થાનકવાસી જૈન સંઘના વડેરા મહાસતી પ્રભાવતીબાઈ મહાસતીની પ્રેરણાથી, મૂળ માંડવીના પરંતુ હાલમાં ભુજ નિવાસી વતનપ્રેમી દાતા કમલાબેન શશીકાંતભાઈ મોરબીયા એ માંડવી ચેમ્બર ઓફ કોમર્સને ગાય માતા માટે પચાવન હજાર નું કિલોગ્રામ, રૂપિયા એક લાખ પાંચઠ હજાર નું માતબાર રકમનું અનુદાન આપી. જીવદયા નું પ્રેરણાદાયી કાર્ય કરેલ છે.

તાજેતરમાં માંડવી મધ્યે, દાતા શશીકાંતભાઈ ખીમજીભાઈ મોરબીયા અને તેમની દિકરી ડો. રૂપાલીબેન મોરબીયા એ ગાયમાતા માટે નિલાચારાના નિરણ માટે રૂપિયા એક લાખ પાંસઠ હજાર ની માતબાર રકમના અનુદાનનો ચેક, માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશીને અર્પણ કર્યો હતો.



અત્રે એ ઉલ્લેખનિય છે કે, આ મોરબીયા પરિવાર માંડવી ચેમ્બર ઓફ કોમર્સને, જીવદયાના કાર્ય માટે, છેલ્લા ૧૨ વર્ષથી, દર વર્ષ્રો જીવદયાના કાર્ય માટે અનુદાન આપે છે.

આ પ્રસંગે નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ ના પ્રમુખ વી.જી. મહેતા (ભુજ) અને માંડવીના પ્રોજેકટ ચેરમેન તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા દિનેશભાઈ શાહ માંડવી ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ વાડીલાલભાઈ દોશીએ, માંડવીના વતન પ્રેમી દાતા શશીકાંતભાઈ ખીમજીભાઈ મોરબીયા અને ભુજના જાણીતા તબીબ ડો. રૂપાલીબેન મોરબીયાનો જીવદયાના કાર્ય માટે રૂપિયા ૧૬૫૦૦૦ નું અનુદાન આપવા બદલ આભાર માનેલ હતું.

# આજે ઈન્ટરનેશનલ મ્યુઝીયમ ડે : માંડવીના વિજય વિલાસ પેલેસ પર કે નજર...

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૮

આજે ઈન્ટરનેશનલ મ્યુઝીયમ ડે નિમિતે વિશ્વ વિખ્યાત માંડવીનો વિજય વિલાસ પેલેસની મુલાકાત લેતા ૧૯૨૭માં મહારાવ શ્રી વિજયરાજજી બાવા સાહેબ ધ્વારા બનાવવામાં આવેલ, પેલેસમાં અનેક કલાત્મક વસ્તુઓ ટુરીસ્ટોના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે.

આ મહેલ લાલ રેતીના પથ્થરથી બાંધવામાં આવ્યો હતો. તેની વિશિષ્ટ રાજપૂત સ્થાપત્ય મોટે ભાગે ઓરછા અને દતિયાના મહેલોની યોજનાનો સંદર્ભ આપે છે. તે થાંભલાઓ પર કેન્દ્રીય ઉચ્ચ ગુંબજ, બાજુઓ પર બંગાળના ગુંબજ, રંગીન કાચની બારીઓ, કોતરવામાં આવેલ પથ્થરની જાળીઓ, ખૂણાઓ પર ગુંબજવાળા બુરજો, વિસ્તૃત મંડપ અને અન્ય પથ્થર–કોતરેલા તત્વો સાથે ડિઝાઈન કરવામાં આવી છે. આ મહેલ બગીચાઓની મધ્યમાં પાણીની ચેનલો અને આરસના ફુવારાઓ સાથે સ્થિત છે.



જયપુર, રાજસ્થાન, બંગાળ અને સૌરાષ્ટ્રના આર્કિટેકટસ અને કારીગરો તેમજ સ્થાનિક કચ્છી કારીગર સમુદાય, મિસ્ત્રીઓ ધ્વારા જલીઓ, ઝરોકા, છત્રી, છજા, ભીતચિત્રો, પથ્થરની કોતરણી અને બારીઓ અને દરવાજાની પેનલ પર રંગીન કાચનું કામ કરવામાં આવ્યું હતું. ટોચની બાલ્કની આસપાસના વિસ્તારનું સંપૂર્ણ દ્રશ્ય પ્રદાન કરે છે. દરિયાઈ પવનો પસાર થતા બારીઓ ખુલ્લી જગ્યામાં હોવાનો અહેસાસ સુનિશ્ચિત કરે છે.

કચ્છના અંતિમ મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાના અવસાન બાદ મહારાણી શ્રી પ્રીતિદેવી વહીવટ સંભાળે છે. દેશ–વિદેશથી પ્રવાસીઓ આ મ્યુઝીયમની મુલાકાત માટે મોટી સંખ્યામાં આવે છે. બોલીવુડની ફીલ્મનું શુટીંગ થાય છે જેમ કે હમ દિલ દે ચૂકે સનમ, લગાન જેવી અનેક ફીલ્મોનું શુટીંગ અહીં થયેલ છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા યોજાઈ કીર્તન આરાધના

ભુજ તા. ૧૮

માંડવી રોડ પર નિર્માણધીન બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં તાજેતરમાં સંસ્થા દ્વારા ભક્તિ સંગીતનો સુંદર કાર્યક્રમ કીર્તન આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું, સંસ્થાના વિધવાન સંગીતજ્ઞ સંત પૂ કૃષ્ણપ્રિય સ્વામી એ વિવિધ રાગરાગિણીમાં ભજન કીર્તન નો લાભ આપ્યો હતો

સ્વામિનારાયણ ભગવાન ના વખતના નંદ સંતો દ્વારા રચિત સુંદર ભક્તિ પ્રિય સંગીત અને કીર્તનથી હરિભક્તો મંત્રમુગ્ધ થયા હતા

ભારતીય સંગીતના વિવિધ શાસ્ત્રીય રાગ ઉપર આધારિત કીર્તનો તથા પ્રાદેશિક દુહા છંદની રમઝટ સૌએ માણી હતી અત્રે એ ઉલ્લેખ છે



કે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત સંત તાલીમ કેન્દ્ર સારંગપુર ખાતે તાલીમ લઈ રહેલા પૂ સંતો વિવિધ વિષયો સાથે સંગીતનું પણ પ્રેરણાદાયી માર્ગદર્શન પામી રહ્યા છે, જેમાં ભારતીય શાસ્ત્રીય સંગીત તથા કલા નું શિક્ષણ નિષ્ણાતો દ્વારા પ્રાપ્ત કરાય છે. સંસ્થા દ્વારા વિવિધ ભક્તિ સંગીતના આલ્બમ તેની ઓનલાઈન ચેનલ ઉપર ઉપલબ્ધ છે જેને હજારો હરિભક્તો માણે છે કીર્તન આરાધના ના આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં હરિભક્તો એ હાજર રહી લાભ લીધો હતો કાર્યક્રમની વ્યવસ્થા કોઠારી પૂ વિવેકમંગલ સ્વામીના માર્ગદર્શનમાં કાર્યકરોએ સંભાળી હતી કાર્યક્રમના અંતે સૌએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો, આ પ્રસંગે પૂ અખંડસેવા સ્વામી, પૂ પરમચૈતન્ય સ્વામી, પૂ સ્નેહજીવન સ્વામી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા વિશાળ સંખ્યામાં હરિભક્તો ભક્તિરસ ના આ કાર્યક્રમ માં તરબોળ થયા હતા

# ઈન્ટરનેશનલ મ્યુઝીયમ ડેના એક નઝર ઈધર ભી...બિદડાનું મ્યુઝીયમ અલૌકિક

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૮

છેલ્લા કેટલાક સમયથી આપણી આજુબાજુ વર્ષ દરમ્યાન આવતા વિવિધ દિવસો ઉજવવાનો વાયરો ચાલી રહ્યો છે. ત્યારે આજનો દિવસ 'વિશ્વ મ્યુઝીયમ દિવસ' મ્યુઝીયમ એટલે સૌંદર્યમૂલક અને સાંસ્કૃતિક સામાજિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક દ્રષ્ટિએ મૂલ્યવાન વસ્તુઓ કે નમૂનાઓ અને દસ્તાવેજોની જાળવણી તથા પ્રદર્શન માટેની સંસ્થા.. ભૂજમાં આવેલા કચ્છ મ્યુઝીયમ થી અનેક લોકો પરિચીત છે સ્થાનીક તેમજ દેશ–દુનીયાના પ્રવાસીઓ કચ્છ મ્યુઝીયમની મુલાકાત લેતા હોય છે. 'કચ્છ મ્યુઝિયમ' એટલે રાજાશાહી જમાનાનું પ્રાચીન સંભારણું. કચ્છ મ્યુઝિયમ કચ્છ ઉપરાંત દેશ–દુનિયાના પર્યટકોને કચ્છના રાજાશાહિ તેમજ સાંસ્કૃતિક વારસાના દર્શન કરાવે છે.

ભુજ કચ્છનું પાટનગર છે અને કચ્છ પ્રવાસનનું મુખ્ય મથક છે એટલે સ્વભાવીક છે કચ્છ મ્યુઝીયમ જાણીતું છે, તેનો રખરખાવ સરકાર કરી રહી છે. મ્યુઝીયમને સારી રીતે સંચાલન કરવું અને તેમાં રહેલી અલભ્ય વસ્તુઓને સાચવીને રાખવી તે સૌથી મોટો પડકાર હોય છે.

ત્યારે આવું જ એક નનાકડું પણ ઘણી અલભ્ય વસ્તુઓને સાચવીને લોકો જોઈ શકે એ રીતેનું સંગ્રાહલય/મ્યુઝીયમ માંડવી તાલુકાના બિદડા ગામે શ્રી બિદડા મુંબઈ મહાજન સંચાલિત વીરજી કુંવરજી વાંચનાલય પુસ્તકાલય અને તેની બાજુમાં બનાવવામાં આવેલ છે. આ સંગ્રાલયનો ખુબ જ સારી રીતે રખ–રખાવ કરાય છે.




અહીના સંગ્રાહલયમાં કચ્છના જુના સીક્કાઓ, જૂની ટપાલ ટીકીટો, કચ્છના ભૂકંપ સમયના ફોટોગ્રાફ, કચ્છની ખનીજોના નમૂનાઓ તથા નામ, જૂની અલભ્ય વસ્તુઓની ઓળખ વિગેરે આ નાના ગામમાં બખુબી રીતે સંગ્રહ કરીને લોકો–બાળકો જોઈ શકે એ રીતે ગોઠવવામાં આવેલ છે. આ મ્યુઝીયમનો સમય દરરોજ સવારે ૮ થી ૧૧ અને બપોરે ૩ થી ૫ દરમ્યાન છે. જેની વ્યવસ્થા પ્રેમીલાબેન છેડા સંભાળી રહ્યા છે. બિદડા મુંબઈ મહાજનના ટ્રસ્ટીઓ મુંબઈ તથા બિદડામાં રહી માર્ગદર્શન પુરૂં પાડી રહ્યા છે. એડવોકેટ અને નોટરી હસનભાઈ લુહાર મ્યુઝીયમની શરૂઆતથી સહયોગી રહેલ છે. આ મ્યુઝીમમાં રાખવામાં આવેલ પ્રાચીન વસ્તુઓ ગામ લોકો અને મુંબઈના શ્રેષ્ઠીઓના સહકારથી મળતી રહે છે અને અહીં ગોઠવવામાં આવતી રહે છે.બિદડાના આ મ્યુઝીયમ જરૂર છે લોકો તેની મુલાકાતે આવે ખાસ કરીને બાળકોને આ સ્થળની મુલાકાતે લઈ જવા જોઈએ જેથી બાળકો આપણી પ્રાચીન વસ્તુઓથી માહિતગાર થઈ શકે. ૧૦ હજારથી વધારે પુસ્તકોના સંગ્રહનો ગામ લોકો નિયમિત વાંચનમાં તથા ઘેર વાંચવા લઈ જવામાં ઉપયોગ કરે છે. અંગ્રેજીમાં ઈન સાયકલો ઈન્ડીયા, કુમાર નવજીવન, ભૂમિ પુત્રો વિગેરેનો જૂના અંકો, ભગવદ્ ગો મંડલ, વિશ્વ કોષ, જે કચ્છની એક માત્ર લાયબ્રેરી–સંગ્રહાલય છે જેને રાજા રામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનનો જીલ્લા કક્ષાનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો છે.

# મોટા ભાડીયા ગામે નારાયણને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું ભાગવત શાસ્ત્ર છે : કથાકારો પૂ. ભીમસેન શાસ્ત્રી

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૮

પરમ તત્વનું સેવન કરી ચારણ સહિત અનેક ચારણેતરને સદમાર્ગે વાળી સમાજમાં ક્રાંતિલાવનારા પૂજય આઈ શ્રી સોનલમા જન્મ શતાબ્દી મહોત્સવ વર્ષ અંતર્ગત માંડવી તાલુકાના ચારણ સમાજની મુખ્યત્વે વસ્તી ધરાવતા આ ગામે ભાગવત કથાનો પ્રારંભ કરાયો હતો. ઠાકર મંદિરથી પધરાવાયેલી પોથી ગૌશાળામાં પહોચતા ત્યાં ગૌમાતાનું પૂજન કરી ત્યારબાદ વૃદાંવન ધામમાં પહોંચતા ત્યાં દીપ પ્રાગટય બાદ યજમાન પરિવાર દ્વારા પોથી કરાયું હતું.

વ્યસનેથી સંબોધતા આ ગામના અને જાણીતા કથાકાર પૂજય ભીમસેન શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે સાચી શાંતિ નારાયણમાં છે નર એ નારાયણનો અંશ છે.એટલે નર નારાયણમાં સમાઈ જવા માંગે છે.નારાયણને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન ભાગવત શાસ્ત્ર છે.ભાગવત મનુષ્યને નર્ભયિ બનાવે છે અને નર્ભયિતા જ પરમાત્માનો આશરો કરવાથી પ્રાપ્ત થાય છે. એવું તેમણે જણાવ્યું હતું ભાગવતનો મહાત્મ્ય અને મંગલાચરણ વર્ણવતા તેમણે ઉમેર્યુ હતું કે,ભાગવત એ યજ્ઞ નથી પણ જ્ઞાનયજ્ઞ છે સાથે માનવ જગત માટે અનુપમ ઔષધી પણ હોવાનું કહી તેમણે કે ઉમેર્યુ હતું કે આઈ સોનલ ઈશ્વર સાથે એકત્વ સાથે સમાજના ઉત્થાન માટે સત્યનો રાહ બતાવી ગયા છે. ત્યારે આ સમાજ આઈ સોનલના ઋણમાંથી કયારે પણ મુકત થશે નહીં અને મા સોનલ ચિંધેલા રાહ પર ચાલવા સમાજને શકિત આપે તેવી પ્રાર્થના પણ કરી હતી. સ્વ.આશાબાઈબેન જેઠાભાઈ મૌવર પરિવાર હસ્તે રાણસીભાઈ જેઠાભાઈ ના મુખ્ય યજમાન પદે તેમજ સ્વ. કમશ્રીબેન મંગાભાઈ માણેકભાઈ પરિવાર (હ. માણેકભાઈ) મંગાભાઈ, સ્વ. મૂરજીભાઈ વશરામભાઈ થરીયા પરિવાર (આઈ કૃપા) હ.મંગલભાઈ, લખમણ મેઘરાજ થરીયા, દેસરભાઈ



દેવાભાઈ મૌવર સ્વ. પંજઈબેન ગાભાભાઈ રાજીયાભાઈ થરીયા પરિવાર (હ. માજી સરપંચ નાગશીભાઈ અને સામતભાઈ) લખમણભાઈ દેવરાજ મૌવર (હસ્તે) પત્રામાલ તેમજ અન્ય સહભાગી દાતાશ્રીઓના આર્થિક અનુદાન થકી યોજાઈ રહેલા આમાં યજ્ઞમાં ૨૫ જેટલા પોથી યજમાનો પૂજન વિધિમાં ભાગ લઈ રહ્યા છે.

ભગવાન સ્વયં પ્રગટે છે, તેવું કહી કૃષ્ણ જન્મોત્સવના પ્રસંગને ચારણી સાહિત્ય અને શૈલીથી રજૂ કર્યો હતો. ગાયક કલાકાર મોહનભાઈ ગઢવી અને વિવિધ ચારણ કવિઓએ કૃષ્ણ ભકિત ગીતો અને પદો રજૂ કર્યા હતા.

આ અવસરે ચારણ સમાજના અગ્રણી રાણશીભાઈ ગઢવી, માંડવી તાલુકાના ભાજપ પ્રમુખ સુરેશભાઈ સંઘાર, તાલુકાના ક્ષત્રિય અગ્રણી અરવિંદસિંહ જાડેજા સહિતના આગેવાનો તેમજ ભાવિકો જોડાયા હતા. આયોજનમાં વિવિધ સેવાભાવી વડીલો અને યુવાનોએ સહયોગ આપ્યો હતો.વિશાળ સમિયાણમાં યોજાઈ રહેલા આ આયોજનમાં સમાજના વિવિધ કાર્યક્રમો મહિલાઓ સેવા આપી રહ્યા છે. પોથીયાત્રા અને ત્યારબાદ પ્રારંભિક કાર્યક્રમમાં ચારણ સમાજના ગામના પ્રમુખ રતનભાઈ રામભાઈ ગઢવી તા. ૫ ના માજી સભ્યો નારાણ ગોપાલભાઈ,પુનશી ખેતશી, માજી ઉપસરપંચ દેવદાસ ગઢવી, હરધોરભાઈ ગઢવી, વાલજી પચાણ, અગ્રણી સેવક કરસનભાઈ માંછાભાઈ બાનાયત, ગામના જાણીતા દાનવીર અને ગૌસેવક વાલજીભાઈ કરસનભાઈ બાનાયત, મુંબઈ ચારણ સમાજના પૂર્વ પ્રમુખ વાલજીભાઈ કેશુભાઈ સેડા, સહિતનાઓ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. તારીખ ૧૮–૫ અને શનિવારના રાત્રે રંગ કસુંબલ ડાયરો યોજાશે. જેમાં હરેશ દાન સુરુ અને ભરતદાન ગઢવી સંતવાણી અને સાહિત્યરસ પીરસશે કથાના આચાર્ય પદે દ્વારકેશ શાસ્ત્રી શાસ્ત્રોત વિધિ વિધાન કરાવી રહયા છે. પૂ. માતાજીઓ શુભકામનાઓ વ્યકત કરી હતી.

## તસવીરકાર યોગેનભાઈ જયંતભાઈ ખત્રીનું અવશાન થતાં શોકની લાગણી

ભુજ તા. ૧૮



માનવજયોત સંસ્થા ભુજ તથા સિનિયર સિટીઝન કલબ જયનગર ભુજ ના સંયુક્ત ઉપક્રમે હનુમાનજી મંદિર જયનગર ભુજની બાજુ માં શ્રધ્ધાંજલિ રાખવામાં આવેલ હતી જેમાં કચ્છ મિત્રના નિવૃત્ત અખબારી તસવીરકાર યોગેનભાઈ જયંતભાઈ ખત્રી -ભુજ નું અવશાન થતાં સૌને ઉંડા શોકની લાગણી અનુભવેલ હતી. માનવજ્યોત સંસ્થા ભુજ ના પ્રમુખ પ્રબોધભાઈ મુનવર તથા સિનિયર સિટીઝન કલબ જયનગર ભુજ ના પ્રમુખ શ્રી ભાણજીભા કે. જાડેજા , પ્રુથ્વીરાજસિહ જાડેજા, શંભુભાઈ સી. જોષી,દિલીપભાઈ આચાર્ય, કનૈયાલાલ એચ. અબોટી, આનંદભાઈ રાયસોની, તથા સિનિયર સિટીઝન કલબ ના નરેન્દ્રભાઈ વ્યાસ વિનયભાઈ રાવલ તથા જગદીશભાઈ છાયા, એડવોકેટ મુકેશભાઈ ઉપાધ્યાય, હાદિક અબોટી, ચંદુગર બાવાજી (જખૌવાળા) મધુભાઈ ત્રિપાઠી, જયશ્રીબેન ત્રિપાઠી, અનિતા બેન અબોટી , હિરલબેન અબોટી, તથા હનુમાનજી મંદિર જયનગર ભુજ ના પુજારી જયંતીગીરી ગોસ્વામી વિગરે ઉપસ્થિત રહ્યાં હતાં અને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી



# કાઠરા મધ્યે તમાચીપીરનો મેળો ધામધૂમથી ઉજવાયો : રાજ પરિવાર દ્વારા ચાદર ચઢાવાઈ


ભુજ તા. ૧૮

માંડવી તાલુકા નાં કાઠડા ગામે કોમીએકતા નાં પ્રતીક હઝરત મિયાં તમાચી પીર (ર.અ.) નો બે દિવસીય મેળો યોજાયો હતો. આ મેળા માં કચ્છભર માંથી જનમેદની ઉમટી હતી.બીજા દિવસે બપોર પછી વિજય વિલાસ પેલેસ ની બહાર મેળો ભરાયો હતો.

પ્રથમ દિવસે ઉર્ષ નિમિતે બપોરે ગાયો ને લીલો ચારો નાખવામાં આવ્યો હતો. રાત્રે ઈશા નમાજ બાદ દરગાહ શરીફ પર મજલિસ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સદરે જલ્સા તરીકે સૈયદ ગુલામ મુસ્તફાશા બાવા સાહેબ (નવાવાસ) એ હાજરી આપી સૂફી ઔલીયાઓ ની સેવાઓ ને યાદ કરી તેમના માર્ગે અનુસરવા જણાવ્યું હતું.

મહેમાને ખાસ સૈયદ કાસમશા અભામિયાં એ હાજરી આપી દુઆ કરી હતી. બીજા દિવસે કોમીએકતા નાં પ્રતીક અને સૌના દુઆગીર પીર સૈયદ કૌશરઅલીશાહ હાજીમખદુમઅલી બાપુ નાં વરદહસ્તે કચ્છ રાજ પરિવાર દ્વારા ચાદર ચઢાવવામાં આવી હતી. ચાદર ચઢાવતા પીર સાહેબ એ જણાવ્યું હતું કે , આપણું દેશ વિવિધતા માં એકતા નું પ્રતીક છે.આપણા ભારત વર્ષ નું સાચું ગૌરવ નારાયણ સ્વામી બાપુ મોટાભાગના ભજન ગાતા એ દાસ સતાર ની રચના હતી જે મુસ્લિમ ફકીર હતા. જયારે આપણા દુઆગીર પીર મખદુમઅલી બાપુ જયારે પણ પ્રવચન આપતાં તો હંમેશા સંત તુલસીદાસ ની ચોપાઈઓ બોલતા હતા જે વિશ્વ માટે પ્રેરણા છે.

કચ્છ ની કોમીએકતા ની કોઈ મિશાલ નથી સાથે પીર સાહેબે ભારતભર માં કોમીએકતા જળવાઈ રહે અને સૌ હિન્દૂ મુસ્લિમ ભાઈઓ એક બીજા નાં સુખ દુઃખ માં સાથે રહે તેવી દુઆ કરી હતી. તમાચી પીર મેળા સમિતિ કાઠડા દ્વારા મેળા પ્રસંગે ઉપસ્થિત સૈયદ ગુલામમુસ્તફાશા હાજીહસનશા , સૈયદ કાસમશા અભામિયાં , પીર સૈયદ કૌશરઅલીશાહ હાજીમખદુમઅલી બાપુ , વિજયવિલાસ પેલેસ નાં મેનેજર યોગેશભાઈ ગઢવી , મુજાવર જુણેજા હુસૈન સાલેમામદ , સહકાર યુવક મંડળ નાં પ્રમુખ ઝહીર ભાઈ સમેજા , માલશી ભાઈ માતંગ , લોક ઉપયોગી સેવા સમીતી નાં પ્રમુખ મુસ્તાક હાલા (કોડાય), કિશોરભાઈ નું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીર સૈયદ અસગરહુસૈન બાપુ , મોલાના ઈમરાન , સૈયદ અશરફશા બાવા , વાઘેર મુબારક , કેર રજબઅલી , મંધરા મામદ , વાઘેર ઈકબાલ , સમા હાજીઅનવર , કાદર ઉઠાર , કેર અલીમામદ , ઈબ્રાહીમ સુમરા , વાઘેર કાસમ , ચવાણ ઉંમર સાથે બહોરી સંખ્યા માં હિન્દૂ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



અહીંની કલાવૃંદ ક્લબ ના ઉપક્રમે પ્રમુખ અશોકભાઈ માંડલિયા ના અધ્યક્ષપદે ભજનના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. પ્રારંભ માં દીપ પ્રાગટ્ય અશોકભાઈ માંડલિયા, પ્રેમબહાદુર હમાલ, વીણાબેન માંડલિયા, ક્રાંતિબેન ધોળકિયા, હેમાલીબેન માંડલિયા, યોગેશભાઈ ભટ્ટ, ઉમેશભાઈ બારૈયા, ટીઆના માંડલિયા એ કર્યું હતું. પ્રાર્થના ગીત બાદ ક્રાંતિબેન ધોળકિયા, હેમાલીબેન માંડલિયા, પ્રેમ બહાદુર હમાલ, વિણાબેન માંડલિયા, ઉમેશભાઈ બારૈયા, ટીઆના માંડલિયા, યોગેશભાઈ ભટ્ટ, આશિષભાઈ વૈધ, જયાબેન તેજવાણી, જયંત શાહ, જગદીશ તેજવાણી તથા અશોકભાઈ માંડલિયા એ રામના ભજન રજૂ કર્યા હતા. કાર્યકર્મ નું સંચાલન અશોકભાઈ માંડલિયા એ કર્યું હતું. આભાર વિધિ તેમજ વિડિયોગ્રાફિ મહામંત્રી હેમાલીબેન માંડલિયા એ કરી હતી.




# પ્રાઈમ ફ્રેશ લિમિટેડ સમગ્ર ભારતમાં ૫૦૦૦૦ કરતાં વધુ લોકોને પ્રત્યક્ષ અને આડકતરી રીતે રોજગાર પ્રદાન કરે છે

અમદાવાદ તા. ૧૮

પ્રાઈમ ફ્રેશ લિમિટેડ ૨૦૦૭ માં ૧લી પેઢીના ઉદ્યોગસાહસિકો દ્વારા સ્થપાયેલ, અમદાવાદ ખાતે મુખ્ય મથક બોમ્બે સ્ટોક એક્સચેન્જ (ભારત) પર સૂચિબદ્ધ અગ્રણી F&V પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ કંપની છે જે સમગ્ર વિવિધ વર્ટિકલ્સ માટે તાજા ફળો અને શાકભાજી સપ્લાય ચેઈન પર કેન્દ્રિત છે. સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઉદ્યોગો. PFL ભારતના સૌથી મોટા રિટેલર સહિત ઘણા મોટા રાષ્ટ્રીય ખેલાડીઓને 3PL સોલ્યુશન્સ અને અન્ય વેરહાઉસિંગ સેવાઓ પ્રદાન કરવામાં પણ નિષ્ણાત છે. વર્ષોથી, PFL સમગ્ર દેશમાં અસંખ્ય ખેડૂતો, વ્યવસાયો, વ્યક્તિઓ અને સમુદાયોનો વિશ્વાસ અને વફાદારી પ્રાપ્ત કરીને, ટકાઉ ભવિષ્યના નિર્માણ તરફ વિકસ્યું છે અને વિકસિત થયું છે.

PRIME FRESH એ ભારતના વિવિધ રાજ્યો (મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, યુપી અને કાશ્મીર હિમાચલના ૮૫ જિલ્લાઓ) માં સોર્સિંગથી લઈને બહુવિધ પ્લેટફોર્મ્સ (ઘરેલું અને વૈશ્વિક બજારો) દ્વારા ફળો અને શાકભાજીના વિતરણ સુધીની મુખ્ય પ્રવૃત્તિઓમાં નિપુણતા મેળવનાર એક સુસ્થાપિત ખેલાડી છે. . પ્રાઈમે ખેડૂતો, એગ્રીગેટર્સ, વિવિધ કોલ્ડ સ્ટોરેજ, પેક હાઉસ, પરિવહન સેવાઓ અને તમામ પ્રકારના તાજા ફળો અને શાકભાજી માટે અન્ય સપ્લાય ચેઈન પાર્ટનર્સનું એક વિશાળ નેટવર્ક સફળતાપૂર્વક બનાવ્યું છે. પ્રાઈમ ફ્રેશ લિમિટેડ સમગ્ર ભારતમાં ૫૦૦૦૦ કરતાં વધુ લોકોને પ્રત્યક્ષ અને આડકતરી રીતે રોજગાર પ્રદાન કરે છે.પ્રાઈમ ફ્રેશ લિમિટેડ ૨૦૦૭ થી તાજા ફળો અને શાકભાજીના સોર્સિંગ, હેન્ડલિંગ, સોર્ટિંગ અને ગ્રેડિંગ, વેરહાઉસિંગ, પકવવું, સ્ટોરેજ, પેકિંગ અને ડિલિવરીનો વિશાળ અનુભવ શ્રેય આપે છે. આધુનિક વેપાર, નિકાસ ક્ષેત્ર, જથ્થાબંધ અને APMC, છૂટક, કોર્પોરેટ સપ્લાય, ફૂડ પ્રોસેસિંગ કંપનીઓને પુરવઠો અને સામાન્ય વેપાર સાથે પ્રાઈમ સોદો કરે છે. Prime Fresh એ નિકાસ માટે ૬ દેશોમાં ૧,૧૦,૦૦૦ ખેડૂતો, ૮૫ કૃષિ બજારો અને ૨૪૦૦ વેપાર ભાગીદારો, ૩૦ મોટા કોર્પોરેટ મ્રમ ખરીદદારો, ૨૦ નિકાસકારો અને નેટવર્કનું વિશાળ નેટવર્ક બનાવ્યું છે.

૨૦૦૭ માં સ્થપાયેલ, પ્રાઈમ ફ્રેશ ફળો અને શાકભાજી ઈકોસિસ્ટમમાં સંપૂર્ણ સંકલિત એગ્રી વેલ્યુ ચેઈન સોલ્યુશન ક્ષમતાઓ સાથે સૌથી ઝડપી ઉભરતું રાષ્ટ્રીય ખેલાડી છે. ૨૦૦૭ માં, [illegible] એ અમદાવાદમાં એક નાના ફળ અને શાકભાજીના વેરહાઉસ તરીકે તેની કામગીરી શરૂ કરી હતી જે ખાસ ડિઝાઈન કરેલી વાન દ્વારા હોમ ડિલિવરીમાં વિશેષતા ધરાવે છે. PFL એ આદિત્ય બિરલા રિટેલ માટે ફળો અને શાકભાજી માટે 3PL સેવાઓની પ્રથમ સુવિધા શરૂ કરી. આજે, તે લગભગ ૧૮ રાજ્યોમાં ૮૫ APMC સાથે જોડાણ ધરાવે છે.


હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર


તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯


# માંડવી વીન્ડફાર્મ બીચ પર પેરાગ્લાઈડીંગ કરતો પ્રવાસી ઉપરથી પડતાં ગંભીર ઈજા બાદ મૃત્યુ

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૮

માંડવીના વિન્ડફાર્મ બીચ પર આજ રોજ બપોરે પેરાગ્લાઈડીંગ કરતો યાત્રીક ઉપરથી નીચે પડી જતાં ગંભીર ઈજા થયેલ પ્રથમ તેને માંડવીની ખાનગી હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ ત્યાંથી વધુ સારવાર અર્થે ભુજ રીફર કરવામાં આવેલા જે ભુજ પહોંચતાં હોસ્પીટલમાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કરેલ હતો.



ઉપરોક્ત બાબતે તપાસ કરતાં ગઈકાલે નાયબ કલેકટર મુન્દ્રા, પોલીસ, મામલતદાર વિગેરેની ટીમે વોટર સ્પોર્ટસ રાઈડ બધી બંધ કરવાની સુચનાઓ આપી હતી. છતાં આવી સુચનાઓની ગંભીરતા ઉપરોકત ધંધાર્થીને નથી અથવા આ અધિકારીઓથી ઉપરના કોઈની મીઠી નજર છે તે અનેક પ્રવાસીઓની આંખમાં ખુચે છે. આજ રોજ બનેલ બનાવમાં પંજાબના વતની રીટાયર્ડ આર્મીના બલવંતસિંહ હોવાનું બહાર આવેલ છે.

આજના આ ગોઝારા બનાવ અંગે શહેર ભાજપ પ્રમુખ દેવાંગભાઈ દવે અને ભાજપ પરિવારે માનવ વધની ઘટના હોવાનું જણાવી સખત શબ્દોમાં વખોડી કાઢી તંત્રની ભયંકર લાપરવાહીના હિસાબે અનસ્કીલ લોકોને તંત્ર દ્વારા પરવાનગી આપી દેવાય છે અને નાના નાના ધંધાર્થીઓ મકાઈ વાળા – ચા વાળા વિગેરેને કનડગત કરવું અને આ લોકોને પ્રોત્સાહન આપવું આ ભાવનાને વખોડી કાઢેલ હતી.

પેરાગ્લાઈડીંગ અંગે મકરસંક્રાંતીના દિવસે ભુજનો ૨૩ વર્ષીય યુવાન પણ ચાલકની બેદરકારીના કારણે ૨૫ ફુટ નીચે પટકાયો હતો. માંડવી બીચ પર પેરાગ્લાઈડીંગ ગાડી ચલાવતા ગાડી ચાલક વિરૂધ્ધ ચાર દિવસ બાદ ફરીયાદ નોંધાઈ હતી.

પેરાશુટ બંધ કરવા કચ્છ કલેકટરે માંડવી પોલીસને ગત તા. ૨૧ નવેમ્બર ૨૦૨૧ના લેખીત આદેશ આપ્યો હતો. માંડવી પોલીસે કોઈ જ દરકાર ન કરી જેને કારણે અકસ્માત સર્જાયો હતો. આ ઘટના સામે આવતાં પોલીસે આરોપી ગાડી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ તપાસ હાથ ધરેલ.

માંડવી બીચ પર અલગ અલગ પ્રકારની વોટર સ્પોર્ટસ એકટીવીટી થતી હોય છે. થોડા સમય પહેલાં અધિકારીઓની તપાસમાં એવું બહાર આવેલ કે ઘણા બોટધારકો પાસે બોટીંગ માટેનું લાયસંસ નહોતું, માંડવીના અધિકારીઓ ટીમને લઈને માંડવી બીચ પર પહોંચ્યા હતા. જયાં તેમણે નિયમોને નેવે મૂકીને બોટીંગ કામગીરી ચાલતી હોવાનું જાણ્યું હતું. બીચ પર કુલ–૧૬ બોટ ધારકોને જ લાયસન્સ ઈસ્યુ થયા છે પરંતુ ૧૬ કરતાં વધુ બોટ ધારકો બીચ પર ધંધો કરતા હોવાનું ખુલ્યું હતું.

વડોદરામાં હરની તળાવમાં બોટ પલ્ટી ખાઈ ગઈ જેના કારણે ૧૮ બાળકોના મૃત્યુ થયા. ઘોડા છૂટયા બાદ તબેલે તાળા મારવામાં આવ્યા છે. માંડવી બીચ પર ગેરકાયદેસર બોટ ચલાવતા સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

મામલતદાર અને પોલીસની ટીમ બીચ પર રહેતા તમામ સ્પીડ બોટ, રાફટ બોટ, જોરબીંગ બોલ ચલાવતા તમામ સંચાલકો પાસે લાયસંસ છે કે નથી, સાથે સાથે પ્રવાસીઓને લાઈફ જેકેટ પહેરાવે છે કે નહિં તેની ચકાસણી કરવામાં આવી હતી. જેની પાસે બોટનું લાયસંસ હતું નહિં તે જપ્ત કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સ્થાનિકોના કહેવા મુજબ કેટલાક લાયસન્સ ધારકોને અનુભવ ન હોવા છતાં તેઓને બોટની પરમિશન અપાઈ છે. પણ કેટલાક લોકો આ નીયમમાંથી છટકબારી અપનાવી લેતા હોય છે. એટલું જ નહીં અહીં વોચ ટાવર, કેમેરા લગાવવાની પણ માંગ કરાઈ છે. કોઈ દરિયામાં ઉંડા પાણીમાં ન જાય તે માટે સાઉન્ડ લગાડવા, કર્મચારી ગોઠવવા પાલિકાએ ધ્યાન દોર્યું છે. પણ કોઈ જ પરિણામ આવ્યું નથી. માંડવી બીચ આજે વિશ્વ વિખ્યાત છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. તેવા સંજોગોમાં લોકોના જાનમાલની સુરક્ષા ગંભીરપણે લેવાની જવાબદારી તંત્રની છે. તે વાત ભૂલવી ન જોઈએ. વોટર સ્પોર્ટસ રાઈડસના લાયસંસ જેમની પાસે છે. તેમની પાસે નિયમ પ્રમાણેના પ્રવાસીઓના વીમા છે કે નહિં ? કારણ કે, વીમા કંપની વોટર રાઈડસના પ્રવીસઓના વીમા લેવાની ના પાડી રહી છે. આ બધી બાબતોની ખરાઈ લાયસંસ આપતી વખતે કરાય છે કે નહિં ? એ પણ ગંભીર પ્રશ્ન છે.






# ટ્રક હડફેટમાં આવી જવાથી દંપતિનું મોત

## મોગલધામ દર્શન કરીને પરત આવી રહેલ એકટીવા ટ્રક સાથે અકસ્માત સર્જાયું

(કિરણ ગોરી દ્વારા) ભુજ તા. ૧૮

વિશાળ માર્ગો બન્યા છતાં જીવલણે અકસ્માતો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ભચાઉના કબરાઉ મોગલધામથી દર્શન કરી પરત આવી રહેલાં મોપેડને અકસ્માત નડવાથી દંપતિનું મોત નિપજ્યું હતું. દંપતિ પૈકી ૨૭ વર્ષીય મહિલા નખત્રાણા પોલીસ મથકમાં પ્રોપેશન પીરિયેડમાં સહાયક ફોજદાર તરીકે ફરજ બજાવી રહ્યાના વાવડ મળી રહ્યા છે.

આજે સવારે ૯ વાગ્યાના અરસામાં ધાણેટી નજીક ટ્રકની ઠોકરે ચડેલ મોપેડ એકટીવા સવાર મુળ ગીરસોમનાથના હિંમત રામા જાધવ (ઉ. વ. તથા વૈશાલી નરેન્દ્ર રાઠોડ (ઉ. વ. ૨૮)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ની મદદથી સારવાર માટે જી. કે. જનરલ હોસ્પિટલ બન્ને લઈ અવાયા હતા. જયાં ફરજ પરના એમએલસી ડો. દામીની શ્રીમળીએ મૃત ઘોષિત કર્યા હતા. જાન્યુઆરી માસમાં જ બન્નેના લગ્ન થયા હતા.

# ઘુડખર અભયારણ્યમાં વન વિભાગની ૩૭૦ ટીમો દ્વારા ઘુડખરની ગણતરી હાથ ધરવામાં આવશે

ભુજ તા. ૧૮

ગુજરાતમાં ઘુડખરની ગણતરીમાં ડ્રોન એને કેમેરા ટ્રેપનો ઉપયોગ નો ઉપયોગ થશે થશે...વિશ્રૃવ મા માત્ર કચ્છ ના ધુડખર અભયારણ્ય વિસ્તારમાં જોવા મળતા ધુડખર ની ગુજરાત એકમાત્ર ઘુડખર સેન્ચ્યુરીમાં વન વિભાગે ઘુડખરની વસતીની ગણતરી કરવાનું નક્કી કર્યું છે. મે મહિના દરમિયાન મેના અંતમાં ગણતરી શરૂ કરાશે ત્યારે પ્રથમવાર ડ્રોન કેમેરા અને કેમેરા ટ્રેપનો ઉપયોગ કરવામાં આવશે. આ એક એવી પ્રજાતિ છે કે જે વિશ્વમાં માત્ર કચ્છના નાના રણમાં જોવા મળે છે.૨૦૨૦માં થયેલી ગણતરી પ્રમાણે છ જિલ્લામાં કુલ ૯૦૮૨ની વસતી હતી, જે પૈકી સૌથી વધુ ૨૦૩૪ સુરેન્દ્રનગરમાં હતા



રાજયમાં છેલ્લે ૨૦૨૦માં ગણતરી કરવામાં આવી હતી જેમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૨૦૩૪, મોરબીમાં ૧૧૭૨ અને કચ્છમાં ૧૨૪૪ જોવા મળ્યા હતા. રાજયના

છેલ્લી પાંચ ગણતરીમાં સંખ્યા...વધી રહેલી છે ૪૪૫૧.. ૨૦૨૦માં થયેલી ગણતરીનું પરિણામ... સુરેન્દ્રનગર મોરબી કચ્છ ૧૨૪૪ પાટણ ૬૫૩..બનાસકાંઠા, અમદાવાદ કુલ ઘુડખર અભયારણ્યની ખાસિયત છે કચ્છ જિલ્લાના નાના રણમાં આવેલું અને ૪૯૫૪ ચોરસ કિસોમીટરમાં ફેલાયેલું આ એક અભ્યારણ્ય છે, જેની સ્થાપના ૧૯૭૨માં વન્યજીવન સુરક્ષા ધારા હેઠળ કરવામાં આવી હતી. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરના અભ્યાસ પ્રમાણે અભ્યારણ્યમાં ૯૩ જાતિના જીવજંતુઓ, ચાર જાતિના ઉભયજીવી, ૨૯ જાતિના સરીસૃપ, બે જાતિના કાચબા, ૧૪ જાતિની ગરોળી, ૭૫ હજાર પક્ષીઓના માળા અને ૩૩ ઉપજાતિઓ સાથે ૯ સસ્તન પ્રાણીઓ આવેલા છે કે જેમાં વિશ્વના છેલ્લા ઘુડખર સમુદાયનો સમાવેશ થાય છે. વન વિભાગ દ્વારા અભ્યારણ્યને યુનેસ્કો મેન એન્ડ બાયોસ્ફિયર કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યું છે. કુલ છ જિલ્લામાં ઘુડખરની સંખ્યા ૬૦૮૨ જોવા મળી હતી. વિસ્તારની વિશાળતા અને અનેક પડકારો હોવાથી ડ્રોન કેમેરાની મદદથી ગણતરી હાથ ધરવામાં આવશે. રાજયના વન વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે આ વખતે ૧૦મી વસતી ગણતરી કરવામાં આવશે, ગુજરાતમાં ઘુડખર અભ્યારણ્ય જેનો વિસ્તાર ૧૫૫૦૦ ચોરસ કિલોમીટરનો છે. ગણતરીકારો મોબાઈલ ફોન એપ્લિકેશનની મદદથી ડેટાએન્ટ્રી કરશે. સામાન્ય રીતે ઉનાળા દરમ્યાન ઘુડખરનું ટોળું પાણીના સ્રોતની આસપાસ હોવાથી તેને ગણવાનું સરળ બને છે.

કચ્છના નાના રણમાં આવેલું ઘુડખર અભ્યારણ્ય ઉપરાંત બહારના વિસ્તારમાં અલગ અલગ વન વર્તુળોની મદદથી આ ગણતરી કરવામાં આવનાર છે. આ કામ માટે વન વિભાગની કુલ ૩૭૦ ટીમો કામે લાગશે, જે પ્રત્યેકમાં પાંચ સભ્યો હોય છે. ૨૧ અને ૨૨મી મેના રોજ સવારે છથી સાંજના સાત કલાક સુધી ગણતરી હાથ ધરાશે. વન કર્મચારીઓ સાથે ૧૫૦૦ જેટલા સ્વયંસેવકો અને સ્થાનિક લોકોની મદદ પણ લેવાશે.

# ચોમાસા દરમિયાન બચાવ, રાહત તથા કંટ્રોલરૂમ શરૂ કરાશે

ભુજ તા. ૧૮

ચોમાસા પૂર્વે (પ્રિ-મોન્સુન) તૈયારીઓના ભાગરૂપે કચ્છ જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ભુજ ખાતે પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત પૂર્વ આયોજન અને જરૂરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટરશ્રીએ ચોમાસા દરમિયાન બચાવ, રાહત તથા કંટ્રોલરૂમ શરૂ કરવા, જરૂરી ટીમ તથા સંસાધનો સાથે સજ્જ બનવા, તથા કોઈપણ અઘટિત ઘટના ન બને તે માટે જયાં પણ જરૂરી હોય તે સ્થળે સર્વે કરીને અત્યારથી જ પ્રિવેંશનલ કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન કરવાની થતી કામગીરી અન્વયે જિલ્લા કક્ષાએથી નોડલ અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે. તાલુકા વહીવટીતંત્ર આ નોડલ અધિકારીશ્રીઓના માર્ગદર્શનમાં જરૂરી કામગીરીઓ હાથ ધરશે.



ચોમાસા પૂર્વેની આગોતરી તૈયારીઓ સંદર્ભે કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને ભુજ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ જણાવ્યું કહ્યુ કે, આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરુમ કાર્યરત કરી અને વરસાદ લક્ષી બાબતોની જરૂરી વિગતો જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમને સમયસર પૂરી પાડવા આયોજન કરવામાં આવે. તાલુકાકક્ષાએ ચોમાસા દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર, પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં કરવાની થતી કામગીરી માટે રાહત અને બચાવ, નુકસાનીનો સર્વે, વીજ પુરવઠો અને માર્ગોને પૂર્વવત કરવા માટે શક્ય હોય તેટલી વધુ ઝડપથી કામગીરી થાય તે જોવાનું રહેશે. માનવ અને પશુ મૃત્યુના કિસ્સામાં સહાય-વળતરની રકમ શક્ય હોય તેટલી વધુ ઝડપથી ચૂકવવામાં આવે તે અંગે કામગીરી કરવાની રહેશે.

જિલ્લા કલેકટરશ્રીએ ઉમેર્યુ કે, દરેક તાલુકાકક્ષાએ સ્થાનિક તરવૈયાઓ, બુલડોઝર, ટ્રેકટર સહિતના વાહનો, ડ્રાઈવરના સંપર્ક નંબર સાથેની વિગતો અદ્યતન અને હાથવગી રાખવામાં આવે. સ્થળાંતર અને રાહત બચાવના કિસ્સામાં જે સ્થળોનો આશ્રયસ્થાન તરીકે ઉપયોગ કરવાનો હોય તેની પ્રાથમિક સુવિધાઓની ચકાસણી અગાઉથી જ કરી લેવામાં આવે. આ પ્રકારની સ્થિતિમાં ભોજનની વ્યવસ્થા કરવાની થાય તેવા સંજોગોમાં અગાઉથી જ સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક આગેવાનોની મદદ લેવા માટે જરૂરી આયોજન અને તૈયારી કરવામાં આવે.

જિલ્લાના તમામ કોઝ-વે પર પાણીનું માપ દર્શાવતા સાઈન બોર્ડ સુવાચ્ય હોય તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. આ પ્રકારના કોઝ-વે પરથી પાણી ભરાયેલું હોય ત્યારે વાહન ચાલકો પસાર ન થાય તે માટે જરૂરી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવે તે માટે વ્યવસ્થા કરવા ખાસ સૂચના આપી હતી. આ સાથે સંબંધિત વિભાગ હસ્તકના પુલ, કોઝ-વે, નાળાઓ હોય અને સમારકામની આવશ્યકતા હોય તો તે અંગેની વિગતો આગોતરી જ મેળવી તે માટે ઘટતું કરવા તેમણે સૂચનાઓ આપી હતી. જિલ્લાના તમામ ડેમ ખાતેના વાયરલેસ સહિતના દૂરસંચારના ઉપકરણો કાર્યરત હોય, ડેમ સુધી જવાના માર્ગો કાર્યરત હોય તેની ચકાસણી કરવી અને આવશ્યકતા જણાય તે તમામ બાબતોમાં ઘટતું કરવા તેમણે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર સહિતની કામગીરી અગાઉથી જ કરવામાં આવે તે અંગે વિશેષ કાળજી રાખવા પણ તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ.

પીવાના પાણીના વિતરણ પૂર્વે ક્લોરિનેશન થાય તે કાળજી રાખવા સૂચના આપી હતી. વીજ પુરવઠો ખોરવાઈ ગયા બાદ ઝડપથી તે પૂર્વવત થઈ શકે તે માટે ઘટતી કામગીરી કરવા માટે વીજતંત્રને સૂચના આપવામાં આવી હતી. ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ, જરૂરી સફાઈ વ્યવસ્થા, દવા છંટકાવ તેમજ અગ્નિશમનના સાધનો કાર્યરત કરી દેવા માટે વિશેષ સૂચના આપવામાં આવી હતી. જિલ્લાના દરિયાકાંઠેથી ચોમાસામાં માછીમારી માટે કોઈ બોટ રવાના ન થાય તે માટે મત્સ્યોદ્યોગ અને તેને લગતી કચેરીઓને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત કોસ્ટ ગાર્ડ સાથે વિગતો બાબતે યોગ્ય રીતે સંકલન અને પ્રત્યાયન કરવામાં આવે તે માટે તૈયારી કરવા જણાવ્યુ હતુ. ખેતીવાડી તેમજ બાગાયત કચેરીને પાક નુકસાનીના કિસ્સામાં સમયમર્યાદામાં અને તાત્કાલિક રીતે સર્વે કામગીરી પૂર્ણ કરી જરુરી વિગતો પહોંચાડવાની વ્યવસ્થા કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. સંબંધિત સર્વે ટીમની રચના અને તેના રૂટ અને ઝોન મુજબની આગોતરી કાર્યવાહી કરવા તમામ તાલુકાકક્ષાની ટીમોને સૂચના આપવામાં આવી હતી.

આપત્તિની સ્થિતિ હોય ત્યારે પોલીસ ઉપસ્થિત રહી શકે તે માટે પોલીસ કચેરી સાથે જરૂરી સંકલન કરવુ, યોગ્ય અને ઉચિત્ત પગલાઓ ભરવા, પોલીસ વિભાગના કંટ્રોલ રૂમ અને જિલ્લા કંટ્રોલ રૂમ સાથે સંકલન થઈ રહે તે માટે ઘટતુ કરવા સૂચના આપી હતી. જિલ્લામાં તમામ સ્થળોએ આરોગ્યલક્ષી કામગીરી માટે દવાઓનો પૂરતો જથ્થો, મેડિકલ ટીમને તાલીમ આપવી, મેડિકલ કિટ સહિતની તૈયારીઓ અને મેડિકલ ટીમને જે-તે સ્થળ પર સમયસર પહોંચાડવા માટેનું આયોજન કરવા માટે આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી હતી. પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે જરૂરી વેક્સિનેશન કરવા તથા જરૂરી દવાનો જથ્થો રાખવા જણાવાયું હતું. આ સાથે વરસાદમાં ઘાસચારાની તંગી ન વર્તાય તેમજ ઘાસચારો પલળી ન જાય તે માટે ગોડાઉનની સલામતી સહિતની સમીક્ષા કરવા વનવિભાગને સૂચના આપવામાં આવી હતી.

આપત્તિની સ્થિતિ હોય ત્યારે મીઠાના અગરિયા સહિત જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં શ્રમિકોને રક્ષણ મળી રહે અને તેમની કાળજી લેવામાં આવે તે માટે કામદારો-શ્રમિકોના નામ, તેમના સંપર્ક નંબર, શ્રમિકની કામગીરી સાથે જોડાયેલા માલિકોનો નામ-સંપર્ક નંબરની યાદી તૈયાર કરી તાલુકા-જિલ્લા કંટ્રોલ રૂમ પર હાથવગી રાખવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત ઈમારતો, ટાવર્સ સહિતની બાબતોનો સર્વે કરવો, જોખમી હોય તેવી ઈમારતો, ટાવરને ધરાશાયી કરવાની સ્થિતિ આવે તો તે માટે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે તે બાબતે સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ-વડાઓને કામગીરી કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ વિશેષ સૂચના આપી હતી. એસ.ટી વિભાગને વાહન વ્યવહાર ન ખોરવાય તે માટે સજ્જતા કેળવવા જણાવાયું હતું. શહેરોમાં ખાસ કરીને કેનાલ, નાળા, સ્ટ્રોમ વોટર ડ્રેનેજની સફાઇ તથા ડેમોની કેનાલ તેમજ અન્ય જરૂરી સફાઈ કરવા ખાસ તાકીદ કરી હતી.

શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આશ્રયસ્થાન તરીકે ઉપયોગમાં લેવામાં આવનારી શાળા, આંગણવાડી સહિતના સ્થળો પર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહે તે અગાઉથી સુનિશ્ચિત કરવા બાબતે ઘટતું થાય તે જોવા કલેકટરશ્રીએ, આઈ.સી.ડી.એસ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સૂચના આપી હતી. સગર્ભા મહિલાઓ માટે દવાઓ તેમજ તેમને પ્રસૂતિ માટે સ્થળાંતરીત કરવાની સ્થિતિ માટે વિશેષ તૈયારી કરવા સૂચના આપવામાં આવી હતી. લોકોમાં વરસાદમાં રોગચાળા તેમજ મુશ્કેલી સમયે સલામતી અને સુરક્ષા માટે જરૂરી જાગૃતતા ફેલાવવા કામગીરી કરવા કલેકટરશ્રીએ ભાર મૂકયો હતો.

જિલ્લાના પર્યટન સ્થળો કે નદી, ડેમ જેવા સ્થળો પર નાગરિકો પાણીમાં નહાવા ન જાય તે માટે વાંચી શકાય તે રીતે આવશ્યક બોર્ડ લગાડવામાં આવે અને તકેદારીના યોગ્ય પગલા ભરવામાં આવે તે માટે વિશેષ સૂચના આપવામાં આવી હતી. તેમજ ખાસ કરીને ડેમ, તળાવ કે નર્મદા કેનાલમાં કોઈ અકસ્માત ન બને તે માટે જરૂરી તકેદારીના પગલા, જરૂરી સૂચના સાથેના બોર્ડ મુકવા સહિતના પગલા ભરવા તેમજ કચ્છમાં તમામ ગ્રામ્ય, જાહેર માર્ગ કે શહેરોમાં આવેલા હોર્ડિંગ્સની મજબૂતાઇ ચકાસી લેવા સંબંધિત તંત્રને ખાસ તાકીદ કરી હતી. શેલ્ટર હોમમાં જરૂરી સુવિધાની સમીક્ષા કરવા તેમજ ખાસ કરીને તરવૈયાઓની ચોક્કસ માહિતી અપડેટ રાખવા જણાવાયું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિ, ઇ.ચા.નિવાસી અધિક કલેકટરશ્રી તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેકટરશ્રી નિકુંજ પરીખ સહિતનાએ સંબંધિત વિભાગોને ચોમાસા પૂર્વે કરવાની થતી કામગીરીનું આયોજન કરવા માટેની સૂચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના વડાઓ તેમજ અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટરશ્રીએ તેમના વિભાગે કરવાની થતી કામગીરી તેમજ કંટ્રોલરુમ સંબંધિત કામગીરીનું યોગ્ય આયોજન અને અમલીકરણ કરવા માટે સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગના વડાઓ પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાપર તાલુકાના લોદ્રાણીમાં ખેતતળાવડી મુદ્દે બે જુથો વચ્ચે સશસ્ત્ર અથડામણ : દસેક લોકો ઘવાયા

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૧૮

રાપર તાલુકાના લોદ્રાણી ગામમાં ખેતરમાં ખેતતળાવડી બનાવવા મુદ્દે બે જૂથ વચ્ચે સશત્ર અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના દસેક લોકોને ઈજાઓ પહોંચી હતી. ઘવાયેલાઓને સારવાર અર્થે લઈ જવાયા હતા. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી હતી. બાલાસર પોલીસે માદેવા કાના પરમાર (રાજપૂત)ની ફરિયાદને ટાંકીને કહ્યું હતું કે, આ યુવાનના પિતા વર્ષો પહેલાં ડોરકીટા (ભીલાવાળું તળિયું) ખેતર વાવતા હતા. તેમના અવસાન બાદ ખેતર વાવતા નહોતા. આ ખેતરની બાજુમાં ગણેશ રવા બારીનું ખેતર છે, જેમાં ખેતતળાવડી છે. ફરિયાદીએ આ તળાવડી નજીક ઉપરના ભાગે તળાવડી બનાવતાં બંને પક્ષો વચ્ચે અગાઉ માથાકૂટ થઈ હતી. દરમ્યાન તા. ૧૬/૫ના ફરિયાદી અને અન્યો પોતાના ખેતરમાં જઈ પથ્થરો ઉપાડી શંકર મંદિરવાળા રસ્તેથી ઘર બાજુ જઈ રહ્યા હતા, ત્યારે બોલેરો કેમ્પરમાં આરોપીઓ ગણેશા રવા બારી, નોધા રવા બારી, પચાણ ગણેશ બારી, કુંભા કારા ઉમટ, રામજી કુંભા ઉમટ, બાબુ કુંભા ઉમટ, કમા જોગા ઉમટ, દીના સામા બારી, વરસંગ સામા બારી આવ્યા હતા. આ શખ્સોએ બોલાચાલી કરી, ઉશ્કેરાઈ જઈ બાદમાં ધારિયા અને લાકડી વડે હુમલો કરતાં ફરિયાદી તેમના ભાઈ કુંભાભાઈ તથા ભત્રીજા વેલા બાબુને ઈજાઓ પહોંચી હતી. ફરિયાદીના માથાની વચ્ચો વચ્ચ ધારિયા વડે જીવલેણ હુમલો કરાતાં પોલીસે હત્યાની કોશિશ સહિતની કલમો તળે ગુનો નોંધ્યો હતો. સામાપક્ષે પચાણ ગણેશ બારી (રાજપૂત)એ માદેવા કાના પરમાર, કુંભા કાના પરમાર, વેરા કાના પરમાર, વેલા બાબુ પરમાર, પાચા કાના પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના ખેતરમાં પચ્ચીસ વર્ષ પહેલાં તળાવડી બનાવવામાં આવી છે. છેલ્લા ચારેક મહિનાથી આરોપીઓ પડતર જમીન પર કબજો કરવા અને તળાવડી પર કબજો કરવા ફરિયાદી સાથે ઝઘડો કરતા હતા. દરમ્યાન તા. ૧૬/૫ના આરોપીઓએ ફરિયાદીના પિતાને અમે તળાવડી બાંધવા જઈએ છીએ. ઝઘડવું હોય તો આવી જજો તેમ કહેતાં ફરિયાદ અને અન્યો પોતાના ખેતરે જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓ ટ્રેક્ટરથી સામે આવ્યા હતા અને ઝઘડો કરી ઉશ્કેરાઇ જઇ લાકડી અને લોખંડના સળિયા વડે હુમલો કરતાં ફરિયાદી તથા નોધા રવા બારી, કુંભા કારા ઉમટ, રામજી કુંભા ઉમટ, બાબુ કુંભા ઉમટ, વરસંગ સામા બારી અને કમા જોગા ઉમટને ઈજાઓ પહોંચી હતી. ફરિયાદીને માથામાં ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે આદિપુર લઈ જવાયા હતા. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મીઠાની જમીન મુદ્દે કાનમેરના રણમાં ટોળાએ ફાયરિંગ કરી કરેલા હુમલામાં યુવાનનો ભોગ લેવાયો હોવાની ઘટના તાજી છે ત્યાં પ્રાંથળમાં જૂથ અથડામણનો બનાવ બનતાં ચકચાર પ્રસરી છે.

# અંજારમાં જાહેરમાં આંકડો લેનાર શખ્સની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

અંજારના ગંગાનાકા નજીક જાહેરમાં આંકડો લેનાર વધુ એક શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. અંજારમાં લક્ષ્મી સિનેમા પાછળ કોળીવાસમાં રહેનાર ભરત બાલા કોળીની પોલીસે આજે બપોરે ધરપકડ કરી હતી. આ શખ્સ ગંગાનાકા સર્કલ નજીક રિક્ષા સ્ટેન્ડ પાસે ડાયરીનું પાનું અને પેન લઈને લોકો પાસેથી આંકડો લઈ રહ્યો હતો. પકડાયેલા આ શખ્સ પાસેથી રોકડા રૂા. ૮૪૦ હસ્તગત કરવામાં આવ્યા હતા. આ શખ્સ ઉપર કોને આંકડો લખાવતો હતો તે પોલીસ ઓકાવી શકી નહોતી.